


RNI No. GUJGUJ /2008/26148
GARVI GUJARAT

# ગરવી ગુજરાત

ગરવી ગુજરાત

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 18
Issue : 084
Dt.: 04-12-2025,
Thursday
Page : 04
Rs.00.50 paisa

EDITOR : AJAYKUMAR RAMANLAL PRAJAPATI (AJAY PATNI) Regd. Office: TF-01, Nanakram Super Market,Ramnagar,Sabarmati, Ahmedabad-380 005. Gujarat, India.
Phone : 90163 33307 (M) 93283 33307, 98253 33307 • Email : garvigujarat2007@gmail.com • Email : garvigujarat2007@yahoo.com • Website : www.garvigujarat.co.in


# અમદાવાદ, મુંબઈ, દિલ્હી જતી ફ્લાઈટ્સમાં મોટી ખામીઃ એરપોર્ટ પર ફસાયા ૧,૦૦૦ મુસાફરો

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

મંગળવાર રાતથી રાજીવ ગાંધી ઈન્ટરનેશનલ એરપોર્ટ હૈદરાબાદ પર ઈન્ડિગો એરલાઈન્સની ફ્લાઈટ્સ સમસ્યાનો સામનો કરી રહી છે. ટેકનિકલ ખામીના કારણે મુંબઈ, દિલ્હી, બેંગલુરુ, ચેન્નઈ, અમદાવાદ સહિત અનેક મોટા શહેરોમાં જતી ફ્લાઈટ્સ રદ થઈ અથવા તો કલાકો સુધી મોડી થઈ હતી. પરિણામે ગઈ રાતથી અત્યાર સુધી લગભગ ૧ હજારથી વધુ મુસાફરો એરપોર્ટ પર ફસાયેલા છે અને રાતભર ટર્મિનલમાં જ રહેવું પડ્યું છે. મંગળ-બુધવારની મધરાતે બેંગલુરુ જતી ફ્લાઈટ (6E-618) રનવે પર બે કલાક સુધી ઊભી રહી હતી. આ બાદ, મુસાફરોને પાછા ટર્મિનલમાં ઉતારી દેવામાં આવ્યા હતા. ઘણા મુસાફરોની વિદેશ જતી કનેક્ટિંગ ફ્લાઈટ્સ છૂટી ગઈ, કેટલાકના વિઝા ઈન્ટરવ્યુના કાર્યક્રમ ખોરવાયા, અને કેટલાક મેડિકલ ઈમરજન્સી માટે મુસાફરી કરી રહ્યા હતા. એરપોર્ટ પર ઈન્ડિગોનો સ્ટાફ મુસાફરોના સવાલોના સંતોષકારક જવાબ આપી શક્યો નહીં, જેનાથી ગુસ્સો અને ચિંતા વધી ગઈ હતી.

એક મુસાફરે ગુસ્સામાં કહ્યું કે, “અમને કંઈ જ ખબર નથી પડતી કે ફ્લાઈટ ક્યારે જશે. ટેકનિકલ ખામી શું છે એ પણ કોઈ કહેતું નથી. રાતભર ભૂખ્યા-તરસ્યા બેઠા છીએ, ન ખાવાનું છે, ન પીવાનું છે, ન ઊંઘવાની જગ્યા છે. આ શું સેવા છે?’’

બીજા એક મુસાફરે કહ્યું કે, “મારે આજે સવારે દિલ્હીમાં વિઝા ઈન્ટરવ્યુ હતો. હવે બધું ખોરવાઈ ગયું છે. ઈન્ડિગોની આ બેદરકારીથી હજારો રૂપિયાનું નુકસાન થયું છે.’’ ઈન્ડિગોના પ્રવક્તાએ નિવેદન જાહેર કરીને કહ્યું કે, “અમને અચાનક ટેકનિકલ સમસ્યાઓનો સામનો કરવો પડ્યો છે. અમે ઝડપથી તેનો ઉકેલ લાવવા કામ કરી રહ્યા છીએ. મુસાફરોને થયેલી અસુવિધા માટે અમે દિલગીર છીએ અને શક્ય તેટલી સહાય પૂરી પાડી રહ્યા છીએ.’’ જોકે મુસાફરોનો આક્ષેપ છે કે, હજુ સુધી ન તો ભોજનની વ્યવસ્થા થઈ છે, ન હોટેલની, અને ન કોઈ નવી ફ્લાઈટની માહિતી આપવામાં આવી છે. ઉડ્ડયન નિષ્ણાતો આ ઘટનાને ગંભીર ગણાવે છે. તેઓ કહે છે કે, દેશની સૌથી મોટી એરલાઈન બની ગયેલી ઈન્ડિગો છેલ્લા કેટલાક મહિનાઓથી ટેકનિકલ અને ઓપરેશનલ સમસ્યાઓથી પરેશાન છે. આવી ઘટનાઓ એરલાઈનની વિશ્વસનીયતા પર સવાલ ઉભા કરે છે. એરપોર્ટ અધિકારીઓએ જણાવ્યું કે, તેઓ પરિસ્થિતિ પર સતત નજર રાખી રહ્યા છે અને મુસાફરોને પાણી, ખાવાનું તેમજ જરૂરી સહાય પૂરી પાડવાનો પ્રયાસ કરી રહ્યા છે. તેમણે મુસાફરોને ધીરજ રાખવા અપીલ કરી છે અને કહ્યું છે કે, “ટૂંક સમયમાં પરિસ્થિતિ સામાન્ય થઈ જશે.’’ પરંતુ એરપોર્ટની બહાર લાઈનમાં ઊભેલા મુસાફરોની આંખોમાં હજુ પણ ચિંતા અને ગુસ્સો દેખાઈ રહ્યો છે. ઘણા લોકોના મહત્વના કામ ખોરવાયા છે, અને ઈન્ડિગોની આ ઘટના સોશિયલ મીડિયા પર પણ ભારે ટીકાનો વિષય બની છે.

### AAP ગઢ બચાવવામાં સફળ, કોંગ્રેસ ફાયદામાં

## દિલ્હી MCDની ચૂંટણીમાં ઉલટફેર, ભાજપે બે સીટ ગુમાવી

### ભાજપે સાત અને આમ આદમી પાર્ટીએ ત્રણ બેઠકો જીતી છે, કોંગ્રેસે પણ સંગમ વિહાર-A બેઠક પર જીત નોંધાવી

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

દિલ્હી મ્યુનિસિપલ કોર્પોરેશન(MCD)ના ૧૨ વોર્ડમાં યોજાયેલી પેટાચૂંટણીના પરિણામો જાહેર થઈ ગયા છે, જેમાં ભારતીય જનતા પાર્ટીએ સાત અને આમ આદમી પાર્ટીએ ત્રણ બેઠકો જીતી છે. કોંગ્રેસે પણ સંગમ વિહાર-A બેઠક પર જીત નોંધાવી છે. જે ૧૨ વોર્ડમાં ૩૦ નવેમ્બરના રોજ મતદાન થયું હતું, તેમાંથી નવ બેઠકો અગાઉ ભાજપ પાસે હતી, જ્યારે બાકીની બેઠકો આમ આદમી પાર્ટી પાસે હતી. વર્ષ ૨૦૨૨માં ૨૫૦ વોર્ડ માટે યોજાયેલી MCD ચૂંટણીમાં ૫૦.૪૭ ટકા મતદાન થયું હતું, તેની સરખામણીમાં આ પેટાચૂંટણીનું મતદાન માત્ર ૩૮.૫૧ ટકા રહ્યું હતું.

જે બેઠકો પર પેટાચૂંટણી યોજાઈ હતી તેમાં મુંડકા, શાલીમાર બાગ-B, અશોક વિહાર, ચાંદની ચોક, ચાંદની મહેલ, દ્વારકા B, ઢીચાઉ કલા, નારાયણા, સંગમ વિહાર છ, દક્ષિણપુરી, ગ્રેટર કૈલાશ અને વિનોદ નગરનો સમાવેશ થાય છે. કુલ ૫૧ ઉમેદવારો ચૂંટણી મેદાનમાં હતા, જેમાંથી ૨૬ મહિલાઓ અને ૨૫ પુરુષો હતા. આ વર્ષની શરૂઆતમાં વિધાનસભા ચૂંટણીમાં ભાજપની મોટી જીત બાદ, આ પેટાચૂંટણીને દિલ્હીના રાજકીય મૂડની પ્રથમ મોટી કસોટી માનવામાં આવી રહી છે. દિલ્હી નગર નિગમ(MCD)ની ૧૨ વોર્ડમાં યોજાયેલી પેટાચૂંટણીના અંતિમ પરિણામો જાહેર થઈ ગયા છે. આ પરિણામો અનુસાર, ભારતીય જનતા પાર્ટી સૌથી મોટી પાર્ટી બનીને ઊભરી છે, જેણે કુલ ૧૨માંથી ૭ બેઠકો પર કબજો કર્યો છે. આ પ્રદર્શન દર્શાવે છે કે સ્ઝઢના મતદારોમાં ભાજપની પકડ મજબૂત બની રહી છે. જોકે, ભાજપને ૨ બેઠકો પર આંચકો પણ લાગ્યો છે.

૪ બેઠકોના પ્રથમ પરિણામોમાં ભાજપે ૨, જ્યારે કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીએ ૧-૧ બેઠક જીતી હતી. ભાજપના ઉમેદવાર અનીતા જૈને શાલીમાર બાગ બી વોર્ડમાં જીત નોંધાવી છે, જે બેઠક અગાઉ મુખ્યમંત્રી રેખા ગુપ્તા પાસે હતી. ભાજપે અશોક વિહાર બેઠક પર પણ જીત મેળવી છે અને કુલ ૭ બેઠકો જીતી છે.

આમ આદમી પાર્ટી(AAP)એ ૩ બેઠકો પર જીત નોંધાવી છે, જ્યારે કોંગ્રેસ માત્ર ૧ બેઠક(સંગમ વિહાર છ) જીતવામાં સફળ રહી છે.

આ ઉપરાંત, એક બેઠક પર અપક્ષ ઉમેદવારે જીત મેળવી છે, જે આ પેટાચૂંટણીનું એક ચોંકાવનારું પરિણામ છે.

રાજધાનીમાં ત્રણેય મુખ્ય પક્ષોનો વર્તમાન જનાધાર સ્પષ્ટ થાય છે. ભાજપની ૭ બેઠકો પરની જીત MCDમાં તેની મજબૂત સ્થિતિને જાળવી રાખે છે.

### રોહિંગ્યા સૌ પ્રથમ ગેરકાયદે સરહદો પાર કરીને ભારતમાં પ્રવેશે છે

## શું રોહિંગ્યા ઘૂસણખોરોનું લાલ જાજમ બિછાવીને સ્વાગત કરાય? સુપ્રીમ કોર્ટ

### આ લોકો દેશમાં ગેરકાયદે ઘૂસી ભોજન,આશ્રયની સુવિધાની માંગ કરે તે યોગ્ય છે? માનવ અધિકાર કાર્યકરને ચીફ જસ્ટિસનો વેધક સવાલ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

સુપ્રીમ કોર્ટે દેશમાં રહેતાં રોહિંગ્યા મુસ્લિમોના કાનૂની દરજ્જા વિશે પ્રશ્ન ખડો કરતાં મંગળવારે વેધક સવાલ કર્યો હતો કે જ્યારે આ દેશના લોકો જ ગરીબીમાં જીવી રહ્યા છે એવા સંજોગોમાં શું ઘૂસણખોરોનું લાલ જાજમ બિછાવીને સ્વાગત કરી શકાય ખરૂં?ચીફ જસ્ટિસ સૂર્યકાંત અને ન્યાયમૂર્તિ જોયમાલ્યા બાગચીની બેંચે અહીંની પોલીસ કસ્ટડીમાંથી કેટલાંક રોહિંગ્યા મુસ્લિમો અદૃશ્ય થઇ ગયા હોવાનો આરોપ મૂકતી માનવ અધિકાર કાર્યકર રીટા માનચંદા દ્વારા દાખલ કરાયેલી હેબિયસ કોર્પ્સ અરજીની સુનાવણી કરતાં આ મુજબનું અવલોકન વ્યક્ત કર્યુ હતું. બેંચે આ કેસની હવે પછીની સુનાવણી ૧૬ ડિસેમ્બરના રોજ



નિર્ધારિત કરી છે.એડવોકેટ માનચંદાએ આરોપ મૂક્યો હતો કે ગત મે મહિનામાં દિલ્હી પોલીસે કેટલાંક રોહિંગ્યા મુસ્લિમોની ધરપકડ કરી હતી, અને ત્યારબાદ આજદિન સુધી તેઓની કોઇ ખબર નથી, તેઓને ક્યાં રાખવામાં આવ્યા છે તે અંગેની પણ કોઈની પાસે કોઈ માહિતી નથી.‘ભારતની ઉત્તરે આવેલી આપણી સરહદો ખુબ જ સંવેદનશીલ છે, જો રોહિંગ્યા લોકોનો કોઇ કાનૂની દરજ્જો ના હોય, અને તેઓ ઘૂસણખોર છે, તો શું આપણે એમ કહીને તેઓનું લાલ જાજમ બિછાવીને સ્વાગત કરવું જોઇએ? કે તમે આવો અમારા દેશમાં, અમે તમને તમામ સુવિધાઓ પૂરી પાડીશું’ એમ ચીફ જસ્ટિસે પૂછતાં ઉમેર્યુ હતું કે ‘તેઓને તેમના દેશમાં પાછા ધકેલી દેવામાં સમસ્યા શું છે? ભારત એક એવો દેશ છે જ્યાં કરોડો લોકો ખુબ ગરીબ છે તેથી આપણે તેઓના કલ્યાણ બાબતે પ્રથમ ધ્યાન આપવું જોઇએ. રોહિંગ્યા સૌ પ્રથમ ગેરકાયદે સરહદો પાર કરીને ભારતમાં પ્રવેશે છે, કેટલાંક ઘૂસણખોરો ટનલ ખોદીને ગેરકાયદે ભારતમાં ઘૂસણખોરી કરે છે, ત્યારબાદ તેઓ દાવો કરે છે કે હું ભારતમાં પ્રવેશી ચૂક્યો છું, તેથી તમારા કાયદા મને લાગુ પાડો, હું મફતમાં ભોજન મેળવવાપાત્ર છું, હું આશ્રયસ્થાન મેળવવાપાત્ર છું, મારા બાળકો આ દેશમાં શિક્ષણ મેળવવાપાત્ર છે. શું આપણે આ રીતે કાયદાનો અમલ કરવા ઈચ્છી રહ્યા છીએ’? એમ ચીફ જસ્ટિસે આકરા શબ્દોમાં પ્રશ્ન કર્યો હતો.

### હાલ દેશમાં ૧૩,૮૮,૧૮૫ નોંધાયેલા ડોક્ટર છેઃ આરોગ્યમંત્રી નડ્ડા

## ભારતમાં ૮૧૧ લોકોની સારવાર માટે માત્ર ૧ ડોક્ટર ઉપલબ્ધઃ કેન્દ્ર

### છેલ્લાં ૧૧ વર્ષમાં દેશમાં મેડિકલ કોલેજની સંખ્યામાં અને અંડરગ્રેજ્યુએટ અને પોસ્ટ-ગ્રેજ્યુએટની બેઠકોમાં નોંધપાત્ર વધારો થયો

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ભારતમાં વસ્તી અને ડોક્ટરો વચ્ચેનો ગુણોત્તર ૧:૮૧૧ છે એમ કેન્દ્ર સરકારે મંગળવારે સંસદમાં માહિતી આપી હતી.

રાજ્યસભામાં પૂછાયેલાં એક પ્રશ્નના લેખિત ઉત્તરમાં આરોગ્ય મંત્રી જે.પી નડ્ડાએ કહ્યું હતુ કે હાલ દેશમાં ૧૩,૮૮,૧૮૫ નોંધાયેલા એલોપેથિક ડોક્ટર છે જ્યારે મેડિસીનની આયુષ સિસ્ટમમાં ૭,૫૧,૭૬૮ ડોક્ટરો રજિસ્ટર્ડ છે.આયુષ સિસ્ટમ અને રજિસ્ટ્ર્ડ પ્રેક્ટિસનર્સ એમ બંને કેટેગરીના અંદાજે ૮૦ ટકા ડોક્ટરો હાલ ઉપલબ્ધ છે એવું અનુમાન મુકતા એમ કહી શકાય કે દેશમાં ડોક્ટરો અને વસ્તી વચ્ચેનો ગુણોત્તર ૧ : ૮૧૧નો છે. આરોગ્યમંત્રીના આ નિવેદનનો એમ અર્થ કરી શકાય કે દેશના પ્રત્યેક ૮૧૧ લોકોની સારવાર કરવા ફક્ત ૧ ડોક્ટર ઉપલબ્ધ છે. આરોગ્યમંત્રીએ વધુ માહિતી આપતા કહ્યું હતું કે છેલ્લાં ૧૧ વર્ષમાં દેશમાં મેડિકલ કોલેજની સંખ્યામાં અને અંડરગ્રેજ્યુએટ અને પોસ્ટ-ગ્રેજ્યુએટની બેઠકોમાં નોંધપાત્ર વધારો થયો છે.

૨૦૧૪માં દેશમાં ૩૮૭ મેડિકલ કોલેજ હતી જે આજે વધીને ૮૧૮ ઉપર પહોંચી છે. સમાન રીતે ૨૦૧૪માં અંડરગ્રેજ્યુએટની બેઠકો ૫૧,૩૪૮ હતી જે આજે વધીને ૧,૨૮,૮૭૫ થઈ છે અને પોસ્ટ-ગ્રેજ્યુએટની બેઠકો ૩૧,૧૮૫ હતી જે વધીને ૮૨,૦૫૯ થઈ છે.દેશના અંતરિયાળ વિસ્તારોમાં ડોક્ટરોની સેવા ઉપલબ્ધ કરાવી શકાય તે માટે વિવિધ પગલાં લીધા છે.

નડ્ડાએ ઉમેર્યું હતું કે સરકાર પ્રયોજિત યોજના અંતર્ગત જિલ્લાની કે રેફરલ હોસ્પિટલો સાથે સંકળાયેલી ૧૫૭ નવી મેડિકલ કોલેજોને મંજૂરી આપવામાં આવી હતી તે પૈકી ૧૩૭ મેડિકલ કોલેજ હાલ કાર્યરત છે. ગ્રામ્ય વિસ્તારના લોકોને શહેર જેવી જ તબીબી સારવાર ઉપલબ્ધ કરાવવા સરકારે એમબીબીએસના અભ્યાસક્રમમાં ફેમિલી એડોપ્શન પ્રોગ્રામને પણ સાંકળી લીધો છે.

## મોદીએ બંગાળના ભાજપના સાંસદો સાથે એક મહત્વપૂર્ણ બેઠક યોજી

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ બુધવારે બંગાળના ભાજપના સાંસદો સાથે એક મહત્વપૂર્ણ બેઠક યોજી હતી. સૂત્રોના જણાવ્યા અનુસાર, આ બેઠકમાં આગામી મહિનાઓ માટેની ચૂંટણી રણનીતિ અને તૈયારીઓ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું. ચર્ચા દરમિયાન, પ્રધાનમંત્રીએ સાંસદોને સ્પષ્ટ સંદેશ આપ્યો કે, હવે એકમાત્ર ઉદ્દેશ્ય બંગાળમાં જીત સુનિશ્ચિત કરવાનો છે. તેમણે કહ્યું કે, પાર્ટી રાજ્યમાં નોંધપાત્ર રીતે આગળ વધી છે, અને હવે આ લડાઈને મજબૂત અને ટકાવી રાખવાની જરૂર છે.

પ્રધાનમંત્રીએ મતદાર યાદીઓના વિશેષ સઘન સુધારણા (SIR) પર પણ પોતાનું વલણ સ્પષ્ટ કર્યું છે. તેમણે તેને એક જરૂરી અને સ્વાભાવિક "શુદ્ધિકરણ પ્રક્રિયા" ગણાવી, જેના પર કામ કરવું આવશ્યક છે.

### ભારતે કહ્યું, ‘ત્રીજો દેશ ન બોલે’

## પુતિન-મોદી વચ્ચે મુલાકાત પહેલા ૩ દેશના રાજદ્વારીએ ઉભો કર્યો વિવાદ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

રશિયાના રાષ્ટ્રપ્રમુખ વ્લાદિમીર પુતિન ચોથી ડિસેમ્બરના રોજ ભારતના પ્રવાસે આવવાના છે અને અહીં તેઓ વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે મુલાકાત કરવાના છે, ત્યારે આ મુલાકાત ટાણે બ્રિટન, ફ્રાન્સ અને જર્મનીના રાજદ્વારીઓએ એક વિવાદ ઉભો કર્યો છે. ત્રણે દેશોના રાજદ્વારીઓ દ્વારા પહેલી ડિસેમ્બરના રોજ એક અખબારમાં લેખ છપાતા ભારત નારાજ થયું છે. લેખમાં યુક્રેન યુદ્ધ માટે રશિયાને જવાબદાર ઠેરવવામાં આવ્યું છે. લેખમાં રાષ્ટ્રપ્રમુખ પુતિન પર માનવ જીવનની સંપૂર્ણ ઉપેક્ષા કરવાનો પણ આક્ષેપ કરાયો છે. લેખ લખનારા ત્રણે રાજદુતોમાં બ્રિટનની ઉચ્ચ કમિશનર લિંડી કૈમરન, ફ્રાન્સના રાજદૂત થિએરી માથૂ અને જર્મનીના રાજદૂત ફિલિપ એકરમનનો સમાવેશ થાય છે. ત્રણે રાજદ્વારીઓના સંયુક્ત લેખના મુખ્ય શિર્ષકમાં લખાયું છે કે, ‘વિશ્વના લોકો યુક્રેન યુદ્ધ ખતમ થવાનું ઈચ્છે છે, પરંતુ રશિયા શાંતિ સ્થાપવા માટે ગંભીર નથી.’ લેખમાં આક્ષેપ કરાયો છે કે, ‘રશિયાએ યુદ્ધની શરૂઆત કરી છે અને તેણે સૈન્ય કાર્યવાહી કરી ક્રૂરતા સાથે યુદ્ધ છંછેડવાની સુઆયોજિત વ્યૂહરચના ઘડી છે. રશિયા સાયબર હુમલાઓ અને દુષ્પ્રચાર (ખોટા પ્રચાર) ના માધ્યમથી વૈશ્વિક સ્તરે દુર્ભાવનાપૂર્ણ પ્રવૃત્તિઓ કરી રહ્યું છે. આ બાબત દર્શાવે છે કે, રશિયાના નેતૃત્વની પ્રાદેશિક વિસ્તારવાદ અને વૈશ્વિક અસ્થિરતાની લાલસા યુક્રેન પૂરતી સીમિત નથી, પરંતુ તેનાથી ઘણી આગળ સુધી જાય છે.’ રાજદૂતોએ રાષ્ટ્રપતિ પુતિન પર શાંતિ વાટાઘાટોમાં વિલંબ કરવાનો અને ગંભીર ચર્ચાઓથી દૂર રહેવાનો આરોપ મૂક્યો છે.

ભારતીય વિદેશ મંત્રાલયના વરિષ્ટ અધિકારીઓએ ત્રણેય રાજદૂતોના પગલાને અસ્વિકાર્ય અને અસામાન્ય ગણાવ્યો છે. અધિકારીઓએ કહ્યું કે, ‘આ ખૂબ જ અસામાન્ય છે. ત્રીજા દેશોના સંબંધો પર જાહેર સલાહ આપવી સ્વિકારવા જેવી રાજદ્વારી પ્રજા નથી. અમે ત્રણેય રાજદૂતોની વાતને ધ્યાને લીધી છે.

પૂર્વ વિદેશ સચિવ કંવલ સિબ્બલે ત્રણેય રાજદૂતોના લેખ પર કડક શબ્દોમાં પ્રતિક્રિયા આપી છે. તેમનું માનવું છે કે, ‘જાહેર મંચ પર આવી રીતે લેખ લખીને પ્રચાર કરવો ન જોઈએ. લેખમાં આવી રીતે ગંભીર ટીકા કરીને કૂટનીતિક મર્યાદાઓનું ઉલ્લંઘન કરાયું છે. જાહેર મંચ પર ટીકા કરીને અમારા આંતરિક મામલામાં હસ્તક્ષેપ કરાયો છે. આ લેખ દ્વારા યુરોપીય સમર્થકોમાં રશિયા વિરોધી ભાવના જગાવવાનો પ્રયાસ કરાયો છે. આ ઉપરાંત ભારત-રશિયા વચ્ચેના સંબંધોની નૈતિકતા પર પ્રશ્ન ઉઠાવાયો છે.’ સિબ્બલે મંત્રાલયને વિનંતી કરી છે કે, તેઓ ત્રણ રાજદ્વારીઓની કાર્યવાહી મુદ્દે જાહેરમાં અસંતોષ વ્યક્ત કરે.’

રશિયાના રાષ્ટ્રપ્રમુખ વ્લાદિમીર પુતિન ભારતના દિવસે પ્રવાસે આવીને વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે શિખર વાર્તા કરશે. દ્વાપક્ષીય રાજદ્વારી સંબંધોને વધુ મજબૂત કરવા માટે બેઠકમાં વેપાર અને સંરક્ષણ સહિત અનેક સેક્ટરો મુદ્દે ચર્ચા થવાની સંભાવના છે.

વિદેશ મંત્રાલયના અધિકારીએ કહ્યું કે, મોદી-પુતિનની બેઠકમાં યુદ્ધન યુદ્ધનો મુદ્દે ચર્ચા થવાની સંભાવના છે.

તેમણે ભારતના લાંબા ગાળાના વલણ અંગે કહ્યું કે, યુદ્ધના મેદાનમાં યુદ્ધનું સમાધાન ન થઈ શકે. યુદ્ધ અટકાવવા માટે હજુ વાતચીત અને રાજદ્વારીનો રસ્તો છે.






અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ, ગુજરાત સરકાર

રાજ્ય સરકાર દ્વારા
“રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા -૨૦૧૩”
(N.F.S.A.) હેઠળ મળવાપાત્ર વિતરણના જથ્થાની જાણકારી.

“પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના”
અંતર્ગત ડિસેમ્બર – ૨૦૨૫ માસના **વિનામૂલ્યે** અનાજ વિતરણની જાણકારી

| ક્રમ | કેટેગરી | અનાજ | મળવાપાત્ર જથ્થો | જિલ્લા |
|---|---|---|---|---|
| | અંત્યોદય કુટુંબો | ઘઉં | કાર્ડ દીઠ ૧૫ કિ.ગ્રા. | તમામ જિલ્લાઓ માટે |
| ૨ | (AAY) | ચોખા | કાર્ડ દીઠ ૨૦ કિ.ગ્રા. | |
| ૩ | અગ્રતા ધરાવતા કુટુંબો | ઘઉં | વ્યક્તિ દીઠ ૨ કિ.ગ્રા. | |
| ૪ | (PHH) | ચોખા | વ્યક્તિ દીઠ ૩ કિ.ગ્રા. | |

ડિસેમ્બર –૨૦૨૫ માસમાં રાજ્ય સરકારની તુવેર દાળ, ચણા, ખાંડ, અને મીઠાના રાહતદરે વિતરણ અંગેની જાણકારી.

| ક્રમ | આવશ્યક ચીજવસ્તુ | કેટેગરી | મળવાપાત્ર જથ્થો | ભાવ પ્રતિ કિ.ગ્રા./ લિટર (₹) |
|---|---|---|---|---|
| ૧ | તુવેર દાળ | N.F.S.A. કુટુંબો | કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા. | ૫૦ |
| ૨ | ચણા | N.F.S.A. કુટુંબો | કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા. | 30 |
| ૩ | ખાંડ | અંત્યોદય કુટુંબો | ૩ વ્યક્તિ સુધી કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા. | ૧૫ |
| | | | ૩ થી વધુ વ્યક્તિદીઠ ૦.૩૫૦ કિ.ગ્રા. | |
| | | બીપીએલ કુટુંબો | વ્યક્તિદીઠ ૦.૩૫૦ કિ.ગ્રા. | ૨૨ |
| ૪ | મીઠું | N.F.S.A. કુટુંબો | કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા. | ૧ |

“My Ration” મોબાઈલ એપ્લિકેશન QR કોડ સ્કેન કરી ડાઉનલોડ કરી શકાશે.

આપના રાશન કાર્ડને લગતી તથા આપને મળવાપાત્ર અનાજ અંગેની વિશેષ જાણકારી માટે “My Ration” મોબાઈલ એપ્લિકેશન Google Play Store પરથી અથવા QR કોડ સ્કેન કરી ડાઉનલોડ કરવા વિનંતી.

શ્રી રમણભાઈ સોલંકી
- માનનીય મંત્રી, અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ, ગુજરાત

લાભાર્થી પુરવઠાને લગતી ફરિયાદ હેલ્પલાઈન નં. ૧૮૦૦-૨૩૩-૫૫૦૦, ૧૯૬૭, ૧૪૪૪૫
તેમજ "My Ration " મોબાઇલ એપ્લિકેશન દ્વારા નોંધાવી શકશે.

# તંત્રી લેખ......

## એસઆઈઆર વગર મતદાર યાદીની ભૂલો કેવી રીતે સુધારી શકાય?

મતદાર યાદીઓના ખાસ સઘન સુધારા (એસઆઈઆર) સામે એક મોરચો સંસદમાં ખુલ્યો છે અને બીજો સુપ્રીમ કોર્ટમાં. ચૂંટણી પંચે બિહારમાં એસઆઈઆર કરવાનો નિર્ણય લીધો ત્યારે બંને મોરચા ખુલ્યા હતા. આ નિર્ણય જાહેર થતાં જ કેટલાક વિપક્ષી પક્ષોએ તેને મત ચોરી ગણાવી. તેમણે, ખાસ કરીને કોંગ્રેસ અને રાષ્ટ્રીય જનતા દળે, આ બહાના હેઠળ પ્રચાર ફેલાવવાનું શરૂ કર્યું કે એસઆઈઆરનો હેતુ તેમના સમર્થકોના મત કાપવાનો અને આમ વિધાનસભા ચૂંટણીમાં ભાજપને મદદ કરવાનો હતો. કારણ કે એસઆઈઆરને મત ચોરી કહેવું એક ધ્યાન ખેંચનારું વાક્ય હતું, તેનો વ્યાપકપણે પ્રચાર કરવામાં આવ્યો હતો, પરંતુ કોઈ સ્પષ્ટતા જરૂરી જણાતી ન હતીઃ શું બધા બૂથ લેવલ ઓફિસર્સ શાસક પક્ષના સમર્થક હતા અને શું તેઓ જાણતા હતા કે કોણે કયા પક્ષને મત આપ્યો છે. બિહારમાં એસઆઈઆર દરમિયાન, જ્યારે કોંગ્રેસ અને રાજદ નેતાઓ મતદાતા અધિકાર કૂચનું આયોજન કરવાનું ચાલુ રાખતા હતા, ત્યારે સુપ્રીમ કોર્ટે પણ આ પ્રક્રિયા સામેના કેસોની સુનાવણી ચાલુ રાખી હતી. જેમ જેમ ચૂંટણી નજીક આવતી ગઈ, એસઆઈઆર બિહારના લોકો માટે મુદ્દો બનવાનું બંધ કરી દીધું, કારણ કે સુપ્રીમ કોર્ટે એસઆઈઆરમાં કોઈ ખામી શોધી કાઢી ન હતી. આમ છતાં, ચોમાસા સત્ર દરમિયાન સંસદ મત ચોરીના ઘોંઘાટથી ગુંજી રહી હતી. જ્યારે બિહારમાં એસઆઈઆર પ્રક્રિયા હેઠળ ૬૫ લાખ મતદારોના નામ કાઢી નાખવામાં આવ્યા, ત્યારે મત ચોરીનો મુદ્દો ફરીથી ઉછળ્યો. જોકે, મતદાર યાદીનો અંતિમ મુસદ્દો બહાર પાડવામાં આવ્યા પછી, ૬૫ લોકો પણ એવી ફરિયાદ સાથે આગળ આવ્યા ન હતા કે તેઓ બિહારના નાગરિક છે, તેમની પાસે બધા માન્ય દસ્તાવેજો છે, અને છતાં તેમના નામ મતદાર યાદીમાં નથી. મત ચોરીનો આરોપ લગાવતા વિપક્ષી પક્ષો પણ એવા કોઈને ઓળખી શક્યા ન હતા કે જેમનું નામ ખોટી રીતે મતદાર યાદીમાંથી દૂર કરવામાં આવ્યું છે. પરિણામે, મત ચોરીનો મુદ્દો તેની બાકી રહેલી ગતિ ગુમાવી બેઠો. જોકે, વિપક્ષી પક્ષો હજુ પણ માને છે કે ૧૨ રાજ્યોમાં ચાલી રહેલી એસઆઈઆર પ્રક્રિયા મત ચોરીનો હેતુ છે, એટલે કે, તેમના સમર્થકોના મત કાપવા અને આગામી વિધાનસભા ચૂંટણીમાં ભાજપની જીતને સરળ બનાવવાનો છે. જેમ બિહારમાં એસઆઈઆર વિરુદ્ધ સુપ્રીમ કોર્ટમાં અરજીઓનો દોર દાખલ કરવામાં આવ્યો હતો, તેવી જ રીતે ૧૨ રાજ્યોમાં આ પ્રક્રિયા વિરુદ્ધ અસંખ્ય અરજીઓ દાખલ કરવામાં આવી છે. અરજદારોમાં તમિલનાડુ, બંગાળ અને કેરળના રાજકીય પક્ષો, લોકશાહી તરફી કહેવાતા વ્યક્તિઓ અને સંગઠનોનો સમાવેશ થાય છે. કપિલ સિબ્બલ અને અભિષેક મનુ સિંઘવીએ તેમના વતી આ કેસનું નેતૃત્વ કર્યું છે. ૧૨ રાજ્યોમાં એસઆઈઆર વિરુદ્ધ દાખલ કરાયેલી અરજીઓ એ લાગણીને પ્રતિબિંબિત કરે છે કે આ એક બિનજરૂરી પ્રક્રિયા છે અને ચૂંટણી પંચને તે હાથ ધરવાનો કોઈ અધિકાર નથી. આ અરજીઓમાં જે પ્રશ્ન અનુત્તરિત રહ્યો છે તે એ છે કે બંગાળ, તમિલનાડુ અને કેરળ જેવા વિપક્ષ શાસિત રાજ્યોમાં બીએલઓ પણ એસઆઈઆર દરમિયાન ભાજપ વિરોધી પક્ષોના સમર્થકોના મતોને કેવી રીતે વિચલિત કરશે તે નિષ્કર્ષ પર કેવી રીતે પહોંચવામાં આવી રહ્યું છે. એ નોંધનીય છે કે બીએલઓ કોઈપણ બહાના હેઠળ લોકોને પૂછી રહ્યા છે કે તેઓએ છેલ્લી વખત કોને મત આપ્યો હતો અથવા તેઓ આગામી સમયમાં કોને મત આપવાનો ઈરાદો ધરાવે છે તેવી કોઈ ફરિયાદ સાંભળવામાં આવી નથી. સરકાર સંસદમાં ચૂંટણી સુધારાઓ પર ચર્ચા કરવા સંમત થઈ હોવાથી, સંસદનું આ સત્ર પણ પાછલા સત્રની જેમ એસઆઈઆર પર હંગામામાં ફસાઈ જશે તે ભય દૂર થયો છે. ચૂંટણી સુધારાઓ પર ચર્ચા દરમિયાન એસઆઈઆરની ચર્ચા થાય તે સ્વાભાવિક છે, પરંતુ હાલમાં, એવા કોઈ સંકેત નથી કે ૧૨ રાજ્યોમાં ચાલી રહેલી આ પ્રક્રિયા અટકશે. એસઆઈઆર હાથ ધરવાનો અધિકાર ચૂંટણી પંચનો છે, અને તેથી જ બિહારમાં આ પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવી હતી.

### ગુજરાત વહીવટી સુધારણા પંચ GARCનો છઠ્ઠો અહેવાલ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલને સોંપાયો

# ડેમોગ્રાફિક ડિવિડન્ડ સમાન યુવાનોને યોગ્ય તકો તથા રોજગાર અવસરો આપીને તેમની અસિમ શક્તિને વિકસિત ગુજરાતના નિર્માણમાં જોડવાની GARCના છઠ્ઠા અહેવાલમાં ભલામણો

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ડેમોગ્રાફિક ડિવિડન્ડ સમાન યુવાઓને યોગ્ય તકો અને રોજગાર અવસરો આપીને તેમની અસીમશક્તિને વિકસિત રાષ્ટ્ર - વિકસિત રાજ્યના નિર્માણમાં જોડવાના આપેલા વિચારને રાજ્યમાં સાકાર કરવાનો અભિગમ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે અપનાવ્યો છે. આ હેતુસર તેમણે રાજ્ય સરકારના વહીવટી માળખા અને કાર્ય પદ્ધતિમાં જરૂરી ફેરફારો માટે મુખ્યમંત્રીશ્રીના મુખ્ય સલાહકાર ડૉ. હસમુખ અઢિયાની અધ્યક્ષતામાં ગુજરાત વહીવટી સુધારણા પંચ GARCની રચના કરી છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલને આ વહીવટી સુધારણા પંચ-GARCનો છઠ્ઠો ભલામણ અહેવાલ પંચના અધ્યક્ષ ડૉ. હસમુખ અઢિયાએ બુધવારે ગાંધીનગરમાં સુપ્રત કર્યો હતો. GARCએ અત્યાર સુધીમાં રાજ્ય સરકારને પાંચ ભલામણ અહેવાલો સોંપ્યા છે.

મુખ્યમંત્રીશ્રીને બુધવારે સુપ્રત કરવામાં આવેલા છઠ્ઠા અહેવાલમાં રાજ્યમાં ભરતી પ્રક્રિયાને વધુ ઝડપી, પારદર્શી, ટેકનોલોજી યુક્ત અને યુવા કેન્દ્રિત બનાવવાની નવ જેટલી ભલામણો કરવામાં આવેલી છે.

GARCના આ છઠ્ઠા અહેવાલમાં જે મુદ્દાઓ આવરી લેવામાં આવ્યા છે તે અનુસાર,

૧. ભરતી પ્રકીયા પૂરી કરવા માટેની નિશ્ચિત ટાઈમલાઈન

જે ભરતી પ્રક્રિયામાં ત્રણ સ્ટેજ હોય તે ૯ થી ૧૨ મહિનામાં અને જેમાં બે સ્ટેજ હોય તે પ્રક્રિયા ૬ થી ૯ મહિનામાં પૂરી કરવાની તથા ભવિષ્યમાં આ સમયગાળાથી પણ ઓછા સમયમાં ભરતી પ્રક્રિયા પૂરી થાય તે મુજબની ભલામણ કરવામાં આવી છે.

૨. સંયુક્ત ભરતી અને કોમન એન્ટ્રન્સ ટેસ્ટ (CET)

સમાન શૈક્ષણિક લાયકાત ધરાવતી વિવિધ કેડરો માટે સંયુક્ત પ્રિલિમ્સ તથા વિષયવાર મેઈન્સ પરીક્ષા યોજીને ભરતી પ્રક્રિયામાં એકરૂપતા લાવવા અને તેનાથી સમાન પ્રકારની કેડર માટે અલગ-અલગ પરીક્ષા પાછળ થતા વહીવટી અને નાણાંકીય ખર્ચમાં ઘણો ઘટાડો કરીને ભરતી પ્રક્રિયા ઝડપથી પૂર્ણ થઈ શકે તેમ અહેવાલમાં સૂચવવામાં આવ્યું છે.

૩. દર વર્ષે બે નિશ્ચિત રિક્વિઝિશન વિન્ડો

દર વર્ષે બે નિશ્ચિત રિક્વિઝિશન વિન્ડો નક્કી કરીને તમામ વિભાગો દ્વારા ઓનલાઈન માંગણાપત્રક સબમિટ કરવાની વ્યવસ્થા સાથે ભરતી નિયમો, પરીક્ષા નિયમો તેમજ ટ્રેનિંગ નિયમો માટે એક કેન્દ્રિય સેલની રચના કરવાની ભલામણ કરવામાં આવી છે. આના પરિણામે, ભરતી પ્રકીયા માટે જરૂરી નિયમો ખૂબ ઝડપથી આખરી થઈ શકશે અને ભરતી પ્રક્રિયા ઝડપી બનશે તેમ આ છઠ્ઠા ભલામણ અહેવાલમાં જણાવવામાં આવ્યું છે.

૪. સંપૂર્ણ ડિજિટલ ડોક્યુમેન્ટ વેરિફિકેશન (IASS)

હાલ થતી મેન્યુઅલ ચકાસણીને બદલે સંપૂર્ણપણે ડિજિટલ દસ્તાવેજ ચકાસણી તથા ડિજી-લોકરની જેમ જ API-લિંક્ડ ડેટાબેઝ અને યુનિક ઉમેદવાર ડોક્યુમેન્ટ રજિસ્ટ્રીની રચનાથી ભરતી કરતી સંસ્થા અને સરકારી વિભાગો વચ્ચે ઉમેદવારોના દસ્તાવેજો સરળતાથી મોકલી શકાશે અને ડોક્યુમેન્ટ વેરિફિકેશન પણ ખૂબ અસરકારક બનશે તેમ આ અહેવાલમાં સૂચવવામાં આવ્યુ છે.

૫. કેન્ડિડેટ ફ્રેન્ડલી - એન્ડ ટુ એન્ડ ડેશબોર્ડ

ઉમેદવાર આધારિત યુનિક ID પર એન્ડ ટુ એન્ડ ડેશબોર્ડ, જેમાં અરજીથી લઈને નિમણૂક સુધીની સંપૂર્ણ પ્રક્રિયા ટ્રૅક કરી શકાય તેવી વ્યવસ્થા સાથે જિલ્લાવાર પોસ્ટિંગ માટે ડિજિટલ માધ્યમથી જિલ્લા પસંદગીની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવે તેવી ભલામણ પણ GARCના આ અહેવાલમાં થઈ છે.

૬. રિક્વિઝિશનથી નિમણૂક સુધી સંપૂર્ણ ડિજિટલ વર્કફ્લો

એકીકૃત ડિજિટલ પોર્ટલ દ્વારા તમામ સ્ટેકહોલ્ડર્સ (વિભાગો–એજન્સીઓ–ઉમેદવારો) વચ્ચે માહિતીની આપ-લે શક્ય બનશે અને ઉમેદવારોએ એક જ પ્રકારના દસ્તાવેજો વારંઘડિયે અલગ અલગ ભરતી સંસ્થાઓ સમક્ષ રજૂ કરવાની જરૂરિયાત ન રહે તેવી વ્યવસ્થાથી ઈઝ ઓફ ડૂંઈગ બિઝનેસના અભિગમ સાથે એકરૂપતાની ભલામણ કરવામાં આવેલી છે.

૭. ભરતી એજન્સીઓની ક્ષમતામાં વધારો અને પુનર્ગઠન

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ હેઠળની વિવિધ તબીબી તજજ્ઞોની ભરતી માટે નવા મેડિકલ સર્વિસીસ રિક્રુટમેન્ટ બોર્ડ (MSRB)ની રચના કરવાની તેમજ GSSSB, GPSSB અને GPRBને ગુજરાત જાહેર સેવા આયોગની સમકક્ષ જરૂરી વહીવટી અને આર્થિક સ્વાયત્તતા આપવાની ભલામણ આ અહેવાલમાં થઈ છે.

૮. Computer-Based પરીક્ષાઓનો વ્યાપક ઉપયોગ

રાજ્યમાં શક્ય તેટલી પરીક્ષાઓ કમ્પ્યુટર આધારિત (Computer Based) લેવામાં આવે અને આવી પરીક્ષાની અસરકારક દેખરેખ માટે દરેક ભરતી એજન્સીમાં એક અલગ એક્ઝામ મોનિટરીંગ યુનિટ (EMU)ની સ્થાપના કરવામાં આવે તેવુ પણ સૂચવવામાં આવેલું છે.

૯. ૧૦ વર્ષનું ભરતી કેલેન્ડર

દરેક વિભાગ માટે ભવિષ્યની જરૂરિયાતો આધારિત ૧૦ વર્ષના ભરતી કેલેન્ડરની સમીક્ષા હાથ ધરીને ખૂબ જ અગત્યતી ઈમરજન્સી સર્વિસ તેમજ ક્રિટિકલ કેડરની ઓળખ કરીને શક્ય તેટલી ઝડપથી ભરતી કરવાની ભલામણ GARCએ કરી છે.

દેશના વિકાસમાં અગ્રેસર ગુજરાતના યુવાનોને ઝડપથી વધુ અને અસરકારક રોજગારીની તકો ઉપલબ્ધ કરાવવાના સંકલ્પને આ ભલામણોથી પાર પાડી શકાશે.

એટલું જ નહિ, GARCએ સુચવેલી આ ભલામણો અમલમાં મુકાવાથી ભરતી પ્રક્રિયા એક વર્ષથી ઓછી સમયમર્યાદામાં પૂર્ણ થઈ શકે, રાજ્યના યુવાનોને સમયસર અને પારદર્શક રોજગારી તક પ્રાપ્ત થાય, લાંબા સમયથી પેન્ડિંગ ખાલી જગ્યાઓ ઝડપથી ભરાય અને સરકારની વહીવટીક્ષમતા અને જાહેર સેવા પ્રદાનમાં ગતિ આવે તેવો રાજ્ય સરકારનો અભિગમ સાકાર થશે.

મુખ્યમંત્રીશ્રીને GARCનો આ છઠ્ઠો અહેવાલ સુપ્રત કરવામાં આવ્યો તે અવસરે મુખ્ય સચિવ શ્રી એમ. કે. દાસ, મુખ્યમંત્રીશ્રીના સલાહકાર શ્રી એસ. એસ. રાઠૌર, મુખ્યમંત્રીશ્રીના અધિક અગ્ર સચિવ શ્રીમતી અવંતિકા સિંઘ, વહિવટી સુધારણા પ્રભાગના અગ્ર સચિવ શ્રી હારિત શુક્લા તથા મુખ્યમંત્રીશ્રીના સચિવ શ્રી ડૉ. વિક્રાંત પાંડે અને GARCના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. GARCના છઠ્ઠા અહેવાલની આ ભલામણો GARCની વેબસાઈટ https://garcguj.in/resources ઉપર અપલોડ કરવામાં આવેલી છે.

# સ્વ સહાય જૂથનાં બહેનોને સ્થિર રોજગાર, ટકાઉ આજીવિકા અને મૂલ્યવર્ધિત બજાર પ્રદાન કરવા રાજય સરકારનો નવતર અભિગમ

### સખીમંડળની બહેનો દ્વારા તૈયાર કરાયેલ પ્રીમિયમ શિયાળુ પૌષ્ટિક હેમ્પર કેટલોગ "Winter Bliss"નું ગ્રામ વિકાસ મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળીયાના હસ્તે વિમોચન



ગુજરાતની પરંપરા, શુદ્ધતા અને પૌષ્ટિકતાને એક જ છત્ર નીચે લાવી સ્વ સહાય જૂથનાં બહેનોને સ્થિર રોજગાર, ટકાઉ આજીવિકા અને મૂલ્યવર્ધિત બજાર પ્રદાન કરવા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શનમાં અનેકવિધ નવતર આયામો હાથ ધર્યા છે.

ગુજરાતની ગ્રામ્ય મહિલાઓ દ્વારા બનાવાયેલ પરંપરાગત શિયાળાના પૌષ્ટિક ઉત્પાદનોનું પ્રીમિયમ હેમ્પર કલેક્શન એવા અનોખી પહેલ "Winter Bliss" પ્રીમિયમ શિયાળુ પૌષ્ટિક હેમ્પર કેટલોગનું આજે શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર, ગ્રામ વિકાસ મંત્રીશ્રી કુંવરજીભાઈ બાવળીયા એ મહેસૂલ અને આપત્તિ વ્યવસ્થાપન, પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ, ગ્રામ વિકાસ રાજ્ય મંત્રીશ્રી સંજયસિંહ મહિડાની ઉપસ્થિતિમાં વિમોચન કર્યું હતું.

• "Winter Bliss" શું છે?

"Winter Bliss" ગુજરાતની ગ્રામ્ય મહિલાઓ દ્વારા બનાવાયેલ પરંપરાગત શિયાળાના પૌષ્ટિક ઉત્પાદનોનું પ્રીમિયમ હેમ્પર કલેક્શન છે. આ પહેલના માધ્યમથી સ્વ સહાય જૂથની બહેનોની આવકમાં વધારો, તેમના ઉત્પાદનોને બજારમાં સીધી પહોંચ અને ઉદ્યોગ સાહસિકતાનું મજબૂત પ્લેટફોર્મ મળે છે.

આ હેમ્પરમાં શિયાળામાં પરંપરાગત રીતે બનાવાતી ૧૪ પૌષ્ટિક વસ્તુઓને સ્વચ્છતા, શુદ્ધતા અને આધુનિક પેકેજિંગ સાથે રજૂ કરવામાં આવી છે.જેમાં ૨૪ જિલ્લાના કુલ ૪૦ સખી મંડળો આ ઉત્પાદનોના ઉત્પાદન અને પેકેજિંગમાં સક્રિય છે. તમામ વસ્તુઓ મહિલાઓ દ્વારા હાથ બનાવટની, શુદ્ધ અને પરંપરાગત રેસીપી પ્રમાણે તૈયાર કરવામાં આવે છે. આ પહેલ સ્વ સહાય જૂથનાં બહેનોને સ્થિર રોજગાર, ટકાઉ આજીવિકા અને મૂલ્યવર્ધિત બજાર પ્રદાન કરે છે.

પ્રીમિયમ કોમ્બો હેમ્પર્સઃ આકર્ષક પેકેજિંગમાં ઉપલબ્ધ આ કોમ્બોમાં પસંદગીના ઉત્પાદનોને એકસાથે મિક્સ કરીને આકર્ષક પેકેજિંગમાં આપવામાં આવે છે. આ તમામ હેમ્પર્સ FSSAI પ્રમાણિત, સ્વચ્છ ઉત્પાદન અને આકર્ષક પેકેજિંગ સાથે તૈયાર કરવામાં આવ્યા છે. જેમાં અલગ અલગ કિમતના કોમ્બો ઉપલબ્ધ છે.

૧) Nutrinest – રૂા.૨૪૯૯

જેમાં ખજૂર પાક, મેથી લાડુ, અડદિયા, ખજૂર ડ્રાય ફ્રૂટ રોલ અને કાળા તલ કચરિયા સામેલ છે.

૨) Healthy Bites – રૂા.૧૬૯૯

જેમાં ખજૂર પાક, મેથી લાડુ, અડદિયા અને ખજૂર ડ્રાય ફ્રૂટ રોલ સામેલ છે.

૩) RoOed Joy – રૂા.૧૪૯૯

જેમાં ડ્રાય ફ્રૂટ કોકોનટ લાડુ, મેથી લાડુ, અડદિયા અને ગુંદર લાડુ સામેલ છે. યોજનાનો હેતુ અને અપેક્ષિત પરિણામ

અ) મહિલાઓનું સશક્તિકરણઃ સ્વ સહાય જૂથોની બહેનોની આવકમાં વધારો, Seasonal ઉત્પાદનોની રાજ્ય સ્તરેથી રાષ્ટ્રીય બજાર સુધી પહોંચ, મહિલા આધારિત ઉદ્યોગો માટે ટકાઉ આજીવિકાનિર્માણ માટેની કડી વિકસાવવી

બ) પરંપરાગત પૌષ્ટિકતાનો પ્રચારઃ શિયાળામાં ગુજરાતની પરંપરાગત રેસીપીનું રાજ્યસ્તરીય બ્રાન્ડિંગ, શુદ્ધતા, સ્વાસ્થ્ય અને ઘરેલુ ગુણવત્તા ધરાવતી પ્રોડક્ટ્સનો પ્રચાર

ક) ગ્રામ્ય અર્થતંત્રને મજબૂતી આપવીઃ ખરીદી–ઉત્પાદન–પેકેજિંગ–માર્કેટિંગ સુધીની સંપૂર્ણ મહિલાઓ આધારિત સપ્લાય ચેઈન

"Winter Bliss" એ ગુજરાતના ૨૪ જિલ્લાના ૪૦ સખી મંડળો દ્વારા બનાવાયેલ શિયાળાના પરંપરાગત ૧૪ ઉત્પાદનો સાથેનું પ્રીમિયમ હેમ્પર કલેક્શન છે. આ પહેલ ગ્રામ્ય મહિલા ઓની આજીવિકા વધારવા, તેમના ઉત્પાદનોને રાજયસ્તરેથી રાષ્ટ્રીય સ્તર સુધી પહોંચાડવા અને પરંપરાગત ગુજરાતી પૌષ્ટિકતાને આધુનિક રીતે રજૂ કરવા માટેનો મહત્વપૂર્ણ પ્રયાસ છે. આ પ્રસંગે પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના અગ્ર સચિવ શ્રી મિલિંદ તોરવણે,ગુજરાત લાઈવલીહૂડ પ્રમોશન કંપની લિમિટેડના મૅનેજિંગ ડિરેક્ટર શ્રી સુધીર કે. પટેલ સહિત વિભાગના અંધિકારીઓ ઉપસ્થિતિ રહ્યા હતા.

# જે કોમ પોતાના પૂર્વજોના ઈતિહાસને યાદ રાખે છે, તે હંમેશા જીવંત રહે છે - રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી

સરદાર@૧૫૦ રાષ્ટ્રીય એકતા પદયાત્રા વડોદરા જિલ્લામાં તેના અંતિમ ચરણમાં પહોંચે તે પૂર્વે પ્રગતિશીલ ગામ મોટા ફોફળીયા ખાતે યોજાયેલી સરદાર ગાથામાં ઉપસ્થિત રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ જણાવ્યું કે, જે કોમો પોતાના પૂર્વજોના ઈતિહાસને યાદ રાખે છે, તે હંમેશા જીવંત રહે છે.

સરદાર વલ્લભભાઈ પટેલના જીવનના અનેક મહત્ત્વના પાસાઓ પર પ્રકાશ પાડતા, ખાસ કરીને 'બારડોલીના સરદાર' તરીકેની તેમની ભૂમિકા પર વિશેષ ચર્ચા રજૂ કરી હતી. તેમણે ઉપસ્થિત લોકોને સંબોધતા કહ્યું કે અહીં બેઠેલા મોટા ભાગના લોકો મૂળ રીતે ખેડૂતો છે, અને તેમના પૂર્વજો પણ ખેડૂત રહ્યા છે.

તેમણે બારડોલી સત્યાગ્રહની પૃષ્ઠભૂમિ સમજાવતા કહ્યું કે, વર્ષ ૧૯૨૮માં અંગ્રેજોનું શાસન હતું, અને ખેડૂતોની હાલત અત્યંત દયનીય હતી. તે સમયે અંગ્રેજોએ ખેતી માટે નહેરો, વીજળી કે રસ્તાની કોઈ વ્યવસ્થા કરી નહોતી, અને વરસાદ ન થવાને કારણે પાક પણ થતો નહોતો. આવી સ્થિતિમાં અંગ્રેજ સરકારે ખેડૂતો પરનો ભૂમિકર સીધો ૩-૪ ટકા થી વધારીને ૨૨ ટકા કરી દીધો હતો, અને કેટલાક ખેડૂતોની જમીન પર તો આ ટેક્સ ૬૦ ટકા સુધી લાદવામાં આવ્યો હતો. જ્યારે ખેડૂતો આ ટેક્સ ચૂકવી શક્યા નહીં, ત્યારે અંગ્રેજોએ તેમના મવેશિયો અને જમીન પણ છીનવી લીધા હતા.

શ્રી આચાર્ય દેવવ્રતજીએ જણાવ્યું કે, આ મુશ્કેલીના સમયે વલ્લભભાઈ પટેલે આગળ આવીને નેતૃત્વ લીધું હતું. તે સમયે તેઓ એક સફળ વકીલ હતા અને આરામદાયક જીવન જીવી શકતા હતા, પરંતુ તેમણે દેશ સેવા માટે પોતાની વકીલાત છોડી દીધી હતી. તેઓ ખેડૂતો માટે બારડોલીના ગામડે ગામડે ફર્યા હતા. જ્યાં તેમણે દરેક ખેડૂત ભાઈઓ અને બહેનોને એકઠા કર્યા હતા. તેમનો આત્મવિશ્વાસ જાગૃત કર્યો અને તેમને એકતાના સૂત્રમાં બાંધવાનું કામ કર્યું હતું. તેમણે લોકોને સમજાવ્યું કે જો આપણે સંગઠન શક્તિનો પરિચય આપીશું અને બહાદુરી બતાવીશું, તો આપણે આ મોટી તાકાતને પણ ઝુકાવી શકીશું.

સરદાર પટેલની સંગઠન શક્તિના પરિણામે ખેડૂત વર્ગ, અને ખાસ કરીને બહેનો, સત્યાગ્રહમાં મક્કમ રહ્યા હતા. અંગ્રેજોએ ખૂબ ડરાવ્યા અને ધમકાવ્યા, પરંતુ ખેડૂતો ટસથી મસ ન થયા હતા. આ આંદોલનની સફળતા જોઈને બારડોલીની બહેનોએ વલ્લભભાઈને 'સરદાર'નો ખિતાબ આપ્યો હતો અને તેઓ ત્યારથી 'સરદાર' વલ્લભભાઈ પટેલના નામથી જાણીતા થયા હતા. આ વિજયના પરિણામે અંગ્રેજ સરકારને ઝૂકવું પડ્યું હતું. ૨૨ ટકા તથા ૬૦ ટકા કરવામાં આવેલો કર ઘટાડીને માત્ર ૬.૩ ટકા કરવો પડ્યો હતો. આ સફળતા માત્ર ખેડૂતોનો વિજય નહોતો, પરંતુ તેણે આખા દેશમાં મંદ પડી ગયેલા અંગ્રેજો વિરોધી આંદોલનમાં નવો જોશ



અને શક્તિ ઊભી કરી હતી.

રાજ્યપાલશ્રીએ આઝાદી પછીના સરદારના યોગદાનને યાદ કરતા કહ્યું કે, સરદાર વલ્લભભાઈ પટેલ શાંતિપ્રિય વ્યક્તિત્વ ધરાવતા હતા અને ઈશ્વરે તેમને સંગઠન શક્તિના દેવતા તરીકે ધરતી પર મોકલ્યા હતા. જ્યારે ભારત આઝાદ થયું, ત્યારે તે ૫૬૨ રજવાડાઓમાં વહેંચાયેલું હતું. સરદારે પોતાની મજબૂત ઈચ્છા શક્તિ અને વીરતાના પરિચયથી તમામ રાજા-રજવાડાઓને સમજાવ્યા અને રાષ્ટ્રીય એકતાના સૂત્રમાં બાંધ્યા હતા. તેમણે જુનાગઢ અને હૈદરાબાદના શાસકોને પણ યોગ્ય રીતે સમજાવીને ભારતનું અભિન્ન અંગ બનાવ્યું હતું.

જોકે, આ ૫૬૨ રજવાડાઓમાંથી જમ્મુ-કાશ્મીરનો ઉકેલ લાંબા સમય સુધી આવ્યો નહીં. રાજ્યપાલશ્રીએ ગૌરવ સાથે જણાવ્યું કે, ગુજરાતની ધરતીના બીજા લાલ એવા વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ ત્યાંથી કલમ ૩૭૦ હટાવીને સરદારના અખંડ ભારતના મિશનને પૂર્ણ કર્યું છે.

તેમણે ઉમેર્યું કે, આજે સરદાર વલ્લભભાઈ પટેલની આત્મા જ્યાં પણ હશે, તે સંતુષ્ટ હશે. અંતે, તેમણે કહ્યું કે વડાપ્રધાનશ્રીએ સરદાર પટેલને જે સન્માનના હકદાર હતા તે આપ્યું છે. આજે કેવડિયા ખાતે તેમની ૧૮૨ મીટર ઊંચી વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટી ભારતની એકતાના પ્રતીક તરીકે ઊભી છે, જે દેશના ખૂણે ખૂણેથી આવતા લોકોને રાષ્ટ્રની એકતા અને અખંડિતતા માટે પ્રેરણા આપે છે.

રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતું કે ગુજરાતની આ પવિત્ર ધરતીએ જે મહાપુરુષને જન્મ આપ્યો, જેમણે પોતાનું સમગ્ર જીવન 'રાષ્ટ્રાય સ્વાહા' કરીને જીવ્યું, એવા મહાપુરુષની ૧૫૦મી જન્મજયંતિના પદયાત્રા કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવું એ ગૌરવની વાત છે.

આદિજાતિ વિકાસ મંત્રી શ્રી નરેશભાઈ પટેલે જણાવ્યું કે, 'સરદાર @ ૧૫૦' અત્યાર સુધીમાં ૧૧૫ કિલોમીટર પૂર્ણ થઈ ચૂકી છે. આ યાત્રાના પ્રારંભથી જ અનેક લોકો જોડાયા છે. જેમાં અનેક રાજ્યના મુખ્યમંત્રીશ્રીઓ, કેન્દ્ર સરકારના મંત્રીશ્રીઓ અને અનેક આગેવાનોએ ભાગ લીધો છે. મંત્રીશ્રીએ ગુજરાત સરકાર વતી આ બધા લોકોનો આભાર માન્યો હતો અને અભિનંદન પાઠવ્યા હતા. આ યાત્રા આવનારી પેઢી માટે ખૂબ મોટો સંદેશો છે. મંત્રીશ્રીને અનેક યુવા મિત્રો સાથે વાતચીત કરવાનો પણ અવસર મળ્યો હતો, અને તેમણે આ યુવા મિત્રોનું સહ દિલથી સ્વાગત કર્યું હતું.

મંત્રીશ્રી નરેશભાઈ પટેલે પોતાના વક્તવ્યમાં સરદાર વલ્લભભાઈ પટેલના યોગદાનને યાદ કરતા જણાવ્યું હતું કે, સરદાર પટેલે ૫૬૨ જેટલી દેશી રિયાસતોને અખંડ ભારતની અંદર એક સૂત્રમાં બાંધીને રાષ્ટ્રનું નિર્માણ કર્યું હતું. તેમના વિચારો, તેમનો ત્યાગ, આજની પેઢી જ નહીં પણ ભવિષ્યની પેઢી પણ ભૂલી શકવાની નથી.

તેમણે ઉમેર્યું હતું કે સરદાર વલ્લભભાઈ પટેલના એક ભારતનું સપનું લઈને ચાલવાની પ્રેરણાથી જ આજે દેશના યશસ્વી પ્રધાનમંત્રીશ્રી શ્રેષ્ઠ ભારતનું સપનું લઈને ચાલી રહ્યા છે, જેમાં આપણે સૌ જોડાઈ રહ્યા છીએ. મંત્રીશ્રીએ નવી પેઢીને આહ્વાન કરતા કહ્યું હતું કે આપણે સૌએ આમાંથી પ્રેરણા લઈને દેશને આત્મનિર્ભર ભારત બનાવવામાં સહભાગી થવાનું છે. તેમણે દેશની આર્થિક પ્રગતિ વિશે વાત કરતા જણાવ્યું હતું કે ભારત આજે ઈકોનોમીની દ્રષ્ટિએ પૂરા વિશ્વની અંદર ચોથા ક્રમે છે અને ટૂંકા સમયમાં ત્રીજા સ્થાને પહોંચવાની તૈયારીમાં છે, જેનો ખૂબ મોટો ફાયદો આવનારી પેઢીને થવાનો છે. અંતે, મંત્રીશ્રીએ સવારથી મોટી સંખ્યામાં યાત્રામાં જોડાયેલા લોકોનો ઉત્સાહ અને ઉમંગ જોઈને સરકાર વતી સૌને ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા હતા.

કાર્યક્રમ પૂર્વે રાજ્યપાલશ્રી કાયમી પદયાત્રીઓ સાથે રાષ્ટ્રીય પદયાત્રામાં સહભાગી બન્યા હતા. તેમને ગાર્ડ ઓફ ઓનર આપવામાં આવ્યું હતું. સરદાર ગાથા દરમિયાન ગામના તેજસ્વી લોકોનું સન્માન કરવામાં આવ્યું હતું. આભાર વિધિ ધારાસભ્ય શ્રી અક્ષયભાઈ પટેલે કરી હતી.

આ વેળાએ રાજ્ય મંત્રી શ્રી પી. સી. બરંડા, પૂર્વ મંત્રી શ્રી વલ્લભભાઈ કથિરીયા, શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, શ્રી બ્રીજેશભાઈ મેરજા, ઈફકોના ચેરમેનશ્રી દિલીપભાઈ સંઘાણી, કલેકટર શ્રી ડો. અનિલ ધામેલિયા, જિલ્લા વિકાસ અધિકારી શ્રીમતી મમતા હીરપરા સહિત ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

## યુવકોના ટોળા પર કૂદી પડ્યો દીપડો, ૪ લોકોને ઘાયલ કર્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)ઠાસરા

ગુજરાતના અનેક જિલ્લાઓમાં દીપડાનો આતંક ફેલાયો છે. ત્યારે ખેડામાં દીપડાનો યુવકોના ટોળા પર કરાયેલો હુમલાનો વીડિયો મોબાઈલમાં કેદ થયો છે. ઠાસરા તાલુકાના ઉધમત પુરા ગામે દીપડો દેખાતા દોડધામ મચી હતી. દોડધામ થતા દીપડાએ ૪ લોકો પર હુમલો કર્યો હતો. સ્થાનિક ઉપર દીપડાએ કરેલા હુમલાનો લાઈવ વીડિયો સામે આવ્યો છે. દીપડાના હુમલાથી ચાર લોકો ઈજાગ્રસ્ત થયા હતા. જેમાં ત્રણ જેટલા ઈજાગ્રસ્તોને ૧૦૮ મારફતે સારવાર માટે ઠાસરા CHC સેન્ટરમાં ખસેડાયા હતા. ગામમાં અચાનક દીપડો આવી જતા ગામ લોકો ભયના ઓથાર હેઠળ જીવી રહ્યાં છે. હાલ પણ લોકોના ટોળે ટોળા દીપડાને પકડવા જહેમત કરી રહ્યાં છે. આ ઘટનાને પગલે વન વિભાગને જાણ થતાં વિભાગ પણ દોડતું થયું છે. વન વિભાગ દ્વારા દીપડાને પકડવા માટે સીમ વિસ્તારમાં પાંજરું મૂકાયું છે. વન વિભાગ દ્વારા દીપડાને પાંજરે પુરવા માટે કવાયત શરૂ કરવામાં આવી છે પરંતુ હજુ સુધી દીપડાને પકડી શકાયો નથી.

ગરવી ગુજરાત



ગરવી ગુજરાત

- એક શુભેચ્છક

RNI No. GUJGUJ/2008/26148 Printed, Published & Owned by AJAYKUMAR RAMANLAL PRAJAPATI and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004 (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002 and Published from TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005. Editor : AJAYKUMAR RAMANLAL PRAJAPATI

# ડેઈલી માર્કેટ રિપોર્ટ: એમસીએક્સ પર ક્રૂડ તેલના વાયદામાં રૂ.૪૪ની વૃદ્ધિ: મેન્થા તેલમાં નરમાઈ: એલચીના વાયદામાં સુધારો

## સોનાનો વાયદો રૂ.૫૧૪ અને ચાંદીનો વાયદો રૂ.૪૩૬ વધ્યો: કોમોડિટી વાયદાઓમાં રૂ.૩૦૧૧૮.૭૩ કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૫૭૬૫૬.૯ કરોડનું ટર્નઓવર: સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૨૫૩૧૦.૬૭ કરોડનાં કામકાજ: બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ વાયદો ૩૧૩૧૭ પોઈન્ટના સ્તરે

મુંબઈ: દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ તથા ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં રૂ.૮૭૭૭૯.૨ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.૩૦૧૧૮.૭૩ કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં રૂ.૫૭૬૫૬.૯ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ ડિસેમ્બર વાયદો ૩૧૩૧૭ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.૧૨૮૦.૯૨ કરોડનું થયું હતું.

કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૨૫૩૧૦.૬૭ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું ફેબ્રુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૩૦૫૫૦ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૩૦૯૫૫ અને નીચામાં રૂ.૧૩૦૧૦૯ના સ્તરને સ્પર્શી, રૂ.૧૨૯૭૫૯ના આગલા બંધ સામે રૂ.૫૧૪ વધી રૂ.૧૩૦૨૭૩ થયો હતો. ગોલ્ડ-ગિની ડિસેમ્બર વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૩૯૦ વધી રૂ.૧૦૪૨૪૦ના ભાવે બોલાયો હતો. ગોલ્ડ-પેટલ ડિસેમ્બર વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૫૦ વધી રૂ.૧૩૦૬૫ના ભાવે બોલાયો હતો. સોનું-મિની જાન્યુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૪૯૫ વધી રૂ.૧૨૯૧૬૧ના ભાવે બોલાયો હતો. ગોલ્ડ-ટેન ડિસેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૨૯૨૯૯ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૨૯૮૯૨ અને નીચામાં રૂ.૧૨૯૨૦૦ના મથાળે અથડાઈ, રૂ.૧૨૮૯૪૬ના આગલા બંધ સામે રૂ.૪૨૦ વધી રૂ.૧૨૯૩૬૬ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી માર્ચ વાયદો કિલોદીઠ રૂ.૧૮૩૭૯૯ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૮૪૭૨૭ અને નીચામાં રૂ.૧૮૦૯૯૦ના મથાળે અથડાઈ, રૂ.૧૮૧૬૦૧ના આગલા બંધ સામે રૂ.૪૩૬ વધી રૂ.૧૮૨૦૩૭ થયો હતો. કિલોદીઠ ચાંદી-મિની ફેબ્રુઆરી વાયદો રૂ.૬૩૮ વધી રૂ.૧૮૨૮૨૫ના સ્તરે પહોંચ્યો હતો. ચાંદી-માઈક્રો ફેબ્રુઆરી વાયદો રૂ.૬૯૨ વધી રૂ.૧૮૨૮૫૦ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. બિનલોહ ધાતુઓમાં રૂ. ૨૧૨૯.૦૮ કરોડનાં કામકાજ થયાં હતાં. કિલોદીઠ તાંબું ડિસેમ્બર વાયદો રૂ.૧૭.૧૫ વધી રૂ.૧૦૬૪.૨ના સ્તરે પહોંચ્યો હતો. જસત ડિસેમ્બર વાયદો રૂ.૩.૫૫ વધી રૂ.૩૦૯.૫૫ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલ્યુમિનિયમ ડિસેમ્બર વાયદો રૂ.૩.૩ વધી રૂ.૨૭૭.૯ના સ્તરે પહોંચ્યો હતો. સીસું ડિસેમ્બર વાયદો ૪૦ પૈસા વધી રૂ.૧૮૩.૧ના ભાવે બોલાયો હતો.

એનર્જી સેગમેન્ટમાં રૂ. ૨૭૧૪.૮૯ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી ડિસેમ્બર વાયદો એમડબલ્યુએચદીઠ રૂ.૪૦૦૪ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૪૧૯૮ અને નીચામાં રૂ.૩૯૫૫ના મથાળે અથડાઈ, રૂ.૧૭૮ વધી રૂ.૪૧૮૦ના સ્તરે પહોંચ્યો હતો. ક્રૂડ તેલ ડિસેમ્બર વાયદો બેરલદીઠ રૂ.૫૨૯૩ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૫૩૬૭ અને નીચામાં રૂ.૫૨૮૪ના મથાળે અથડાઈ, રૂ.૫૩૦૯ના આગલા બંધ સામે રૂ.૪૪ વધી રૂ.૫૩૫૩ થયો હતો. ક્રૂડ તેલ-મિની ડિસેમ્બર વાયદો રૂ.૩૯ વધી રૂ.૫૩૫૧ના સ્તરે પહોંચ્યો હતો. નેચરલ ગેસ ડિસેમ્બર વાયદો એમએમબીટીયુદીઠ રૂ.૬.૮ વધી રૂ.૪૪૫.૭ થયો હતો. નેચરલ ગેસ-મિની ડિસેમ્બર વાયદો રૂ.૬.૯ વધી રૂ.૪૪૫.૮ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. કૃષિચીજોના વાયદાઓમાં મેન્થા તેલ ડિસેમ્બર વાયદો કિલોદીઠ રૂ.૯૧૦.૨ના ભાવે ખૂલી, રૂ.૧.૨ ઘટી રૂ.૯૧૧ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલચી ડિસેમ્બર વાયદો કિલોદીઠ રૂ.૨૭૦૨ના ભાવે ખૂલી, રૂ.૬ વધી રૂ.૨૭૧૯ થયો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં રૂ. ૧૧૧૮૪.૦૮ કરોડ અને ચાંદીના વિવિધ વાયદાઓમાં રૂ. ૧૪૧૨૬.૫૯ કરોડનાં કામકાજ થયાં હતાં. તાંબાંના વાયદાઓમાં રૂ. ૧૬૪૯.૨૦ કરોડ, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીના વાયદાઓમાં રૂ. ૨૦૧.૯૩ કરોડ, સીસું અને સીસું-મિનીના વાયદાઓમાં રૂ. ૪૭.૧૯ કરોડ, જસત અને જસત-મિનીના વાયદાઓમાં રૂ. ૨૩૦.૨૪ કરોડનાં કામકાજ થયાં હતાં.

ઈલેક્ટ્રિસિટીના વાયદામાં રૂ. ૨૩.૫૪ કરોડનાં કામકાજ થયાં હતાં. ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિનીના વાયદાઓમાં રૂ. ૩૮૪.૮૧ કરોડનાં કામકાજ થયાં હતાં. નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિનીના વાયદાઓમાં રૂ. ૨૩૦૬.૫૪ કરોડનાં કામ થયાં હતાં. મેન્થા તેલના વાયદામાં રૂ. ૨.૨૩ કરોડનાં કામ થયાં હતાં. એલચીના વાયદામાં રૂ. ૦.૪૬ કરોડનાં કામ થયાં હતાં. ઓપન ઈન્ટરેસ્ટ સોનાના વાયદાઓમાં ૧૪૪૦૭ લોટ, સોનું-મિનીના વાયદાઓમાં ૬૭૫૭૨ લોટ, ગોલ્ડ-ગિનીના વાયદાઓમાં ૧૯૩૫૮ લોટ, ગોલ્ડ-પેટલના વાયદાઓમાં ૩૦૪૨૫૮ લોટ અને ગોલ્ડ-ટેનના વાયદાઓમાં ૨૯૭૯૬ લોટના સ્તરે હતો. ચાંદીના વાયદાઓમાં ૧૭૮૨૨ લોટ, ચાંદી-મિનીના વાયદાઓમાં ૪૩૬૨૧ લોટ અને ચાંદી-માઈક્રો વાયદાઓમાં ૧૧૪૯૧૬ લોટના સ્તરે રહ્યો હતો. ઈલેક્ટ્રિસિટીના વાયદાઓમાં ૮૪૫ લોટ, ક્રૂડ તેલના વાયદાઓમાં ૧૬૨૫૧ લોટ, નેચરલ ગેસના વાયદાઓમાં ૩૩૬૦૪ લોટના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, બુલડેક્સ ડિસેમ્બર વાયદો ૩૧૪૧૪ પોઈન્ટના સ્તરે ખૂલી, ઉપરમાં ૩૧૪૯૯ પોઈન્ટના સ્તર અને નીચામાં ૩૧૨૪૬ પોઈન્ટના સ્તરને સ્પર્શી, ૨૮૭ પોઈન્ટ વધી ૩૧૩૧૭ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ ડિસેમ્બર રૂ.૫૩૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૨૧.૧ વધી રૂ.૧૬૭ના ભાવે બોલાયો હતો. જ્યારે નેચરલ ગેસ ડિસેમ્બર રૂ.૪૪૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૩.૬ વધી રૂ.૨૯.૪ના ભાવે બોલાયો હતો.

સોનું ડિસેમ્બર રૂ.૧૩૬૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૭૮.૫ વધી રૂ.૧૦૨૭.૫ થયો હતો. આ સામે ચાંદી ડિસેમ્બર રૂ.૧૮૫૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૨૩૭ વધી રૂ.૬૮૦૭ થયો હતો. તાંબું ડિસેમ્બર રૂ.૧૦૬૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૮.૬૫ વધી રૂ.૨૪.૮ના ભાવે બોલાયો હતો. જસત ડિસેમ્બર રૂ.૩૧૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૧.૩૫ વધી રૂ.૪.૬૮ થયો હતો.

પુટ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ ડિસેમ્બર રૂ.૫૩૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૨૭.૭ ઘટી રૂ.૧૧૧.૬ થયો હતો. જ્યારે નેચરલ ગેસ ડિસેમ્બર રૂ.૪૪૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૩.૭૫ ઘટી રૂ.૨૩.૦૫ થયો હતો.

સોનું ડિસેમ્બર રૂ.૧૨૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૩૭ ઘટી રૂ.૨૫૮ થયો હતો. આ સામે ચાંદી ડિસેમ્બર રૂ.૧૭૫૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૩૯૭.૫ ઘટી રૂ.૪૪૩૭ના ભાવે બોલાયો હતો. જસત ડિસેમ્બર રૂ.૩૦૫ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ ૮૭ પૈસા ઘટી રૂ.૨.૬૨ થયો હતો.

# રીલાયન્સ ઈન્ડસ્ટ્રીઝની વિશેષ પ્લેસમેન્ટ ડ્રાઈવમાં સરકારી કોલેજના ૨૨૫ ડિગ્રી એન્જિનિયરિંગ વિદ્યાર્થીઓની પસંદગી: ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ મંત્રી ડૉ. પ્રદ્યુમન વાજા



વિદ્યાર્થીઓને ટેકનિકલ શિક્ષણ પ્રાપ્ત કર્યા બાદ યોગ્ય રોજગારી પ્રાપ્ત થાય તે માટે રાજ્ય સરકાર હરહંમેશ પ્રયત્નશીલ રહી છે. ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ મંત્રી ડૉ. પ્રદ્યુમન વાજાના નેતૃત્વમાં રાજ્યના વિદ્યાર્થીઓને કૌશલ્ય અને લાયકાત અનુસાર રોજગારી આપવા શિક્ષણ વિભાગ પ્રતિબદ્ધ છે. રાજ્યની વિવિધ સરકારી ટેકનિકલ સંસ્થાઓમાંથી વર્ષ ૨૦૨૫માં અભ્યાસ પૂર્ણ કરનારા ડિગ્રી અને ડિપ્લોમા એન્જિનિયરિંગના વિદ્યાર્થીઓને કૌશલ્ય અને લાયકાત મુજબ રોજગારી આપવા માટે વિશેષ પ્લેસમેન્ટ ડ્રાઈવનું આયોજન કરવામાં આવ્યું હતું. ડાયરેક્ટરેટ ઓફ ટેકનિકલ એજ્યુકેશન, ગાંધીનગર દ્વારા રીલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ માટે એલ. ડી. કોલેજ ઓફ એન્જીનીયરીંગ, અમદાવાદ ખાતે તા. ૦૧ થી ૦૪ ડિસેમ્બર દરમિયાન એક વિશેષ પ્લેસમેન્ટ ડ્રાઈવનું આયોજન કરવામાં આવ્યું છે.

આ ડ્રાઈવમાં રાજ્યની ૪૭ જેટલી સરકારી ટેકનિકલ સંસ્થાઓમાંથી વર્ષ ૨૦૨૫માં અભ્યાસ પૂર્ણ કરનારા ડિગ્રી અને ડિપ્લોમા એન્જિનિયરિંગના વિદ્યાર્થીઓએ ભાગ લીધો છે. આ વિશેષ પ્લેસમેન્ટ ડ્રાઈવમાં ભાગ લેવા માટે રીલાયન્સના નિર્ધારિત પોર્ટલ પર આશરે ૩૮૦૦ વિદ્યાર્થીઓએ રજીસ્ટ્રેશન કરાવ્યું હતું. જેમાંથી ઓનલાઈન ટેસ્ટ દ્વારા ડિગ્રી એન્જિનિયરિંગના ૬૦૮ વિદ્યાર્થીઓ અને ડિપ્લોમા એન્જિનિયરિંગના ૭૨૮ વિદ્યાર્થીઓને શોર્ટલિસ્ટ કરવામાં આવ્યા હતા.

આ પ્લેસમેન્ટ ડ્રાઈવમાં ઈન્ટરવ્યુ માટે ડીગ્રી એન્જિનિયરિંગના આશરે ૪૭૮ વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. તેમાંથી ડીગ્રી એન્જિનિયરિંગના ૨૨૫ વિદ્યાર્થીઓ સિલેક્ટ થયા છે. તેમજ આ પ્લેસમેન્ટ ડ્રાઈવમાં ઈન્ટરવ્યુ માટે ડિપ્લોમા એન્જિનિયરિંગના વિદ્યાર્થીઓની પ્રક્રિયા હાલ ચાલુ છે.

વિદ્યાર્થીઓને ટેક્નિકલ શિક્ષણ બાદ રોજગારી આપવાના હેતુથી રાજ્યના ટેકનિકલ શિક્ષણ વિભાગ હસ્તકની તમામ ડિગ્રી અને ડિપ્લોમા સરકારી ઈજનેરી કોલેજો ખાતે પ્લેસમેન્ટ સેલની રચના કરવામાં આવી છે. આ સેલ દ્વારા વિદ્યાર્થીઓની રસ, રૂચિ, કલા, કૌશલ્યો અનુસાર તેમને જે તે ક્ષેત્રમાં નોકરી કરવાની ઈચ્છા હોય તેવી કંપનીઓ સાથે ઈન્ટરવ્યુ કરાવીને રોજગારી આપવામાં આવે છે. - ઋચા રાવલ

### આજે સ્વતંત્ર ભારતના પ્રથમ રાષ્ટ્રપતિ ડૉ. રાજેન્દ્ર પ્રસાદની ૧૪૧મી જયંતી

# ગુજરાત વિધાનસભા પોડિયમ ખાતે નાયબ દંડક શ્રી વિજય પટેલ સહિત સમગ્ર વિધાનસભા પરિવારે ડૉ. તૈલચિત્રને પુષ્પાંજલિ અર્પણ કરી



સ્વતંત્ર ભારતના પ્રથમ રાષ્ટ્રપતિ ડૉ. રાજેન્દ્ર પ્રસાદની ૧૪૧મી જયંતી નિમિત્તે ગુજરાત વિધાનસભા પોડિયમ ખાતે સ્થિત તેમના તૈલચિત્રને નાયબ દંડક શ્રી વિજયભાઈ પટેલ અને વિધાનસભા સચિવ શ્રી ચેતન પંડ્યા સહિત વિધાનસભાના અધિકારી-કર્મચારીઓએ ભાવસભર પુષ્પાંજલિ અર્પણ કરીને તેમના જીવનના મુક્તિ સંગ્રામ સમયના સંસ્મરણો યાદ કર્યા હતા.

ડૉ. રાજેન્દ્ર પ્રસાદનો જન્મ તા. ૩જી ડિસેમ્બર-૧૮૮૪ના રોજ બિહારમાં થયો હતો. તેઓ વકીલાત કરતાં કરતાં સન ૧૯૦૭થી દેશભક્તિના રંગે રંગાયા હતા અને સન ૧૯૧૭થી તેઓ ગાંધીજી સાથે આઝાદીની લડતમાં જોડાયા હતા. સન ૧૯૨૦માં અસહકાર આંદોલન શરૂ થતાં ફકીરી વહોરી તેમણે દેશનું જાહેર જીવન ઘડવામાં અને આઝાદીની લડતમાં મોટો ફાળો આપ્યો હતો.

તેઓ આઝાદીની લડતમાં અંત સુધી ગાંધીજીના અતિવિશ્વાસુ સાથીદાર તરીકે કાર્યરત રહ્યા હતા. તેમણે બિહારમાં વિદ્યાપીઠ સ્થાપવામાં તથા ખાદી પ્રચારના કામમાં પણ અથાગ પરિશ્રમ કર્યો હતો. આ ઉપરાંત તેમણે "ઈન્ડિયા ડિવાઈડેડ" જેવા અન્ય પુસ્તકોનું લેખન કર્યું છે. સાથે જ, તેમણે બંધારણસભાના પ્રમુખ તરીકે પણ સેવાઓ આપી હતી. આજના આ ગૌરવશાળી દિવસે તેમના તૈલીચિત્ર સમક્ષ પુષ્પાંજલિ અર્પણ કરવા માટે ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલ-ગાંધીનગર અને આર્મી પબ્લિક સ્કૂલ-અમદાવાદના વિદ્યાર્થીઓ પણ વિધાનસભા ખાતે ઉપસ્થિત રહ્યા હતા. - નિતિન રથવી

### રાજ્યમાં ૨૦૦૧માં ૩૨૭ની સામે વર્ષ-૨૦૨૫માં સિંહની સંખ્યા વધીને ૮૯૧ નોંધાઈ

# 'વિશ્વ વન્યજીવ સંરક્ષણ દિવસ': છેલ્લી વન્યજીવ વસ્તી અંદાજ મુજબ રાજ્યમાં સિંહ, મોર, નીલગાય, વાંદરા, કાળીયાર, દિપડા, સાંભર, ચિંકારા સહિત ૨૧ પ્રજાતિઓની અંદાજે ૯.૫૩ લાખથી વધુ વસ્તી

વન્ય પ્રાણીઓના સંવર્ધન અને સંરક્ષણ માટે ગુજરાત હંમેશા સુરક્ષિત રાજ્ય રહ્યું છે. કુદરતી વનરાજી, ઈકોસિસ્ટમ, લુપ્તપ્રાય વનસ્પતિ, પ્રાણીસૃષ્ટિને બચાવવા અને પર્યાવરણનું જતન કરવા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારથી તેમણે કડક કાયદાઓ, નિયમો અને યોજનાઓ અમલમાં મૂકી છે. જેને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ સુપેરે આગળ ધપાવી રહ્યા છે. જેના ફળરૂપે ગુજરાત છેલ્લા દોઢ દાયકાથી પ્રાણીઓ - યાયાવર પક્ષીઓ માટે ગુજરાત વધુ સુરક્ષિત બન્યું છે. છેલ્લી વન્યજીવ વસ્તી અંદાજ- ગણતરી મુજબ વર્ષ ૨૦૨૩માં રાજ્યમાં સિંહ, મોર, નીલગાય, વાંદરા, કાળીયાર, દિપડા, સાંભર, ચિંકારા સહિત અંદાજે ૨૧ પ્રજાતિઓની અંદાજિત ૯.૫૩ લાખથી વધુ વસ્તી નોંધાઈ છે, જે ગુજરાતીઓ માટે ગૌરવ સમાન છે.

નોંધનીય છે કે, દર વર્ષે ૦૪ ડિસેમ્બરે ગુજરાત અને ભારત સહિત સમગ્ર વિશ્વમાં 'વિશ્વ વન્યજીવ સંરક્ષણ દિવસ' તરીકે ઉજવાય છે. આ દિવસે લુપ્ત થતા વન્યજીવો અને પક્ષીઓને બચાવવા નાગરિકો જાગૃત થાય તે માટે દેશમાં વિશેષ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે.

'એશિયાટિક સિંહ' એ ગુજરાત અને ભારતની શાન છે. ગુજરાતના એશિયાઈ સિંહ રાજ્યનું ઘરેણું છે ત્યારે તાજેતરમાં ગુજરાતના દાહોદમાં આવેલા રતનમહાલ અભયારણ્યમાં વાઘની ઉપસ્થિતિ નોંધાઈ છે જે રાજ્યની જીવ સંરક્ષણ વારસાની સમૃદ્ધિમાં વધારો કરે છે. હવે ભૌગોલિક પરિસ્થિતિ-આબોહવાની દ્રષ્ટિએ જ નહીં, પરંતુ વન્ય પ્રાણી સંરક્ષણના વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી તેમજ ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વવાળી રાજ્ય સરકારના કાળજીભર્યા સાતત્યપૂર્ણ અભિગમથી જ સિંહનું સંખ્યાબળ ઉત્તરોત્તર વધ્યું છે.

એશિયાટિક સિંહોના સંરક્ષણ અને સંવર્ધન માટે રાજ્ય સરકારના માર્ગદર્શનમાં વ્યાપક અને પરિણામલક્ષી પગલા સતત લેવાઈ રહ્યા છે. જેના પરિણામ સ્વરૂપે ગુજરાતમાં વર્ષ ૨૦૦૧માં સિંહની સંખ્યા ૩૨૭, વર્ષ ૨૦૦૫માં ૩૫૯, વર્ષ ૨૦૧૦માં ૪૧૧, વર્ષ ૨૦૧૫માં ૫૨૩ અને વર્ષ ૨૦૨૦માં ૬૭૪ હતી તે હવે વર્ષ ૨૦૨૫માં વધીને ૮૯૧ થઈ છે.

વન અને પર્યાવરણ મંત્રી શ્રી અર્જુન મોઢવાડિયા અને રાજ્ય મંત્રી શ્રી પ્રવિણ માળીના માર્ગદર્શનમાં વન વિભાગ સહિત વિવિધ પ્રાણી-પક્ષી પ્રેમી સંસ્થાઓ દ્વારા પ્રાણી-પક્ષી સંવર્ધન અને સંરક્ષણની પરિણામલક્ષી કામગીરી કરવામાં આવી રહી છે. જે અંતર્ગત વસ્તી અંદાજ- ગણતરી ૨૦૨૩ મુજબ રાજ્યમાં રાષ્ટ્રીય પક્ષી મોર ૨.૮૫ લાખથી વધુ, નીલગાય ૨.૨૪ લાખથી વધુ, વાંદરા ૦૨ લાખથી વધુ તેમજ જંગલી સુવર અને ચિત્તલ એક લાખથી વધુ જોવા મળ્યા હતા. આ ઉપરાંત ૯,૧૭૦ કાળીયાર, ૮,૨૨૧ સાંભર, ૬,૨૦૮ ચિંકારા, ૨,૨૯૯ શિયાળ, ૨,૨૭૪ દિપડા, ૨,૨૭૨ લોંકડી, ૨,૧૪૩ ગીધ, ૧,૪૮૪ વણીયર, ૧,૦૦૦થી વધુ ચોશીંગા આ સિવાય નાર/ વરુ, રીંછ



અને ભેંકર સહિત કુલ ૯.૫૩ લાખથી વધુ પ્રાણીઓ નોંધાયા છે.

આ ઉપરાંત રાજ્યના વિવિધ જળ પ્લાવિત વિસ્તાર, તળાવ, સરોવરોમાં વર્ષ ૨૦૨૪માં અંદાજે ૧૮ થી ૨૦ લાખ યાયાવર પક્ષીઓ નોંધાયા છે એટલે કે તેમના માટે ગુજરાત પહેલી પસંદગીનું રાજ્ય બન્યું છે. વર્ષ ૨૦૧૦માં થોળ પક્ષી અભયારણ્યમાં ૩૧,૩૮૦ પક્ષીઓનું આગમન થયું હતુ જે વર્ષ ૨૦૨૪માં વધીને ૧.૧૧ લાખથી વધુ યાયાવર પક્ષીઓનું આગમન થયું છે. જ્યારે, નળ સરોવર પક્ષી અભયારણ્યમાં વર્ષ ૨૦૧૦માં ૧.૩૧ લાખથી વધુ યાયાવર પક્ષી નોંધાયા હતા જ્યારે વર્ષ ૨૦૨૪માં ૩.૬૨ લાખથી વધુ પક્ષીઓ નોંધાયા છે. છેલ્લા ૧૪ વર્ષમાં થોળ અને નળસરોવર પક્ષી અભયારણ્યમાં જળ પ્લાવિત વિસ્તારના યાયાવર પક્ષીઓનું અનુક્રમે ૩૫૫ અને ૨૭૬ ટકાનો વધારો નોંધાયો છે. જેના પરિણામે ગુજરાત 'પક્ષી જીવન' માટે 'સ્વર્ગ' તરીકે ઉભરી આવ્યું છે.

ઉલ્લેખનીય છે કે, ગુજરાતમાં છેલ્લી વર્ષ ૨૦૨૪માં યોજાયેલી ડોલ્ફિન ગણતરી મુજબ ૬૮૦ જેટલી ડોલ્ફિન તેમજ ૭,૬૭૨ જેટલા ઘુડખરની વસ્તી નોંધાઈ છે. જે સમગ્ર રાજ્ય માટે વન્યજીવ પ્રાણી સંરક્ષણ ક્ષેત્રે વિશેષ સિદ્ધિ છે.

વન્યજીવ સંરક્ષણ-સંવર્ધન માટે વિવિધ પહેલ:

વન વિભાગની વન્યપ્રાણી શાખા દ્વારા રાજ્યના તમામ જિલ્લા સ્તરે ઉપસ્થિત થતા વન્યપ્રાણીઓ સંબંધિત મુશ્કેલીઓના નિવારણ અર્થે વન્યપ્રાણીઓના અવર જવર વાળા વિસ્તાર તેમજ સ્થાનિક લોકોના નિવાસના વિસ્તારોમાં વન્યપ્રાણી રેસ્ક્યુ રીલિઝ ઓપરેશન હાથ ધરવામાં આવે છે. વન્યપ્રાણી અને માનવ વચ્ચેના ઘર્ષણ નિવારવા અંગેના વિવિધ ઉપાયો સતત હાથ ધરવામાં આવી રહ્યા છે.

કેન્દ્ર સરકાર દ્વારા કચ્છના બન્ની વિસ્તારમાં ચિત્તા કન્ઝર્વેશન બ્રિડીંગ સેન્ટર તૈયાર કરવા મંજૂરી મળી છે. આ બ્રિડીંગ સેન્ટર સંબંધિત વિવિધ પાસાઓના અભ્યાસ માટે વન્યજીવ સાથે જોડાયેલા ગુજરાતના અધિકારીઓએ મધ્યપ્રદેશના કુનો-પાલપુર નેશનલ પાર્કની ફિલ્ડ વિઝીટની કરીને જરૂરી વિગતો એકત્રિત કરી છે.

આ ઉપરાંત હાલ ગુજરાતમાં બ્રિડીંગ સેન્ટર ખાતે બ્રિડીંગ માટે રાખવામાં આવેલા વન્યપ્રાણીઓ તેમજ નવા જન્મેલ વન્યપ્રાણીઓ બ્રિડીંગ માટે જરૂરીયાત મુજબના વન્યપ્રાણીઓ રાખી અન્ય બ્રિડીંગ સેન્ટર તેમજ જંગલ વિસ્તારમાં સરપ્લસ વન્યપ્રાણીઓ મુકત કરવામાં આવ્યા છે.

રાજ્યમાં વર્ષ ૨૦૧૭થી દર વર્ષે વન વિભાગ અને વિવિધ સંસ્થાઓના સહયોગથી ઉત્તરાયણ દરમિયાન ઘાયલ પક્ષીઓને સારવાર આપવા 'કરૂણા અભિયાન' હાથ ધરવામાં આવે છે જેમાં, પતંગની દોરી સહિત વિવિધ રીતે ઘાયલ હજારો પક્ષીઓને યોગ્ય સારવાર આપીને મુક્ત કરવામાં આવે છે. આ અભિયાન અંતર્ગત વર્ષ ૨૦૨૫માં ઉતરાયણ દરમિયાન પતંગની દોરીથી ઘાયલ થયેલા અંદાજે ૧૭ હજારથી વધુ પક્ષીઓનું રેસ્ક્યુ કરીને તેમની સારવાર કરવામાં આવી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, વન્યજીવો અને પક્ષીઓના સંરક્ષણ અને સંવર્ધન માટે વન્યજીવો અને પક્ષીઓ માટે ઉનાળાની કાળઝાળ ગરમીમાં પણ પાણીની સુવિધા પૂરી પાડવામાં આવે છે. જ્યારે શિયાળામાં યાયાવર પક્ષીઓ ગુજરાતની ભૂમિને હંગામી આશ્રયસ્થાન- ઘર બનાવે છે, જે રાજ્યના નાગરિકો માટે સન્માનની ક્ષણ છે. - જનક દેસાઈ

# પશ્ચિમ રેલવે બાંદ્રા ટર્મિનસ અને ભુજ વચ્ચે સુપરફાસ્ટ સ્પેશિયલ ટ્રેન ચલાવશે

પશ્ચિમ રેલવે દ્વારા મુસાફરોની સુવિધા માટે અને વધારાની ભીડને ધ્યાનમાં રાખીને, બાંદ્રા ટર્મિનસ–ભુજ સ્ટેશનો વચ્ચે વિશેષ ભાડા પર પૂર્ણ આરક્ષિત સુપરફાસ્ટ સ્પેશિયલ ટ્રેન ચલાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ સ્પેશિયલ ટ્રેનની વિગતો નીચે મુજબ છે:

ટ્રેન નં. ૦૯૦૩૭/૦૯૦૩૮ બાંદ્રા ટર્મિનસ – ભુજ સુપરફાસ્ટ (દ્વિસાપ્તાહિક) સ્પેશિયલ [કુલ ૨૪ ફેરા]

ટ્રેન નં. ૦૯૦૩૭ બાંદ્રા ટર્મિનસ–ભુજ સુપરફાસ્ટ સ્પેશિયલ દર ગુરુવાર અને શનિવારે બાંદ્રા ટર્મિનસથી ૧૪.૪૦ કલાકે પ્રસ્થાન કરશે અને બીજા દિવસે ૦૫.૫૦ કલાકે ભુજ પહોંચશે. આ ટ્રેન ૦૬ ડિસેમ્બર, ૨૦૨૫ થી ૧૫ જાન્યુઆરી, ૨૦૨૬ સુધી ચાલશે.

તે જ રીતે, ટ્રેન નં. ૦૯૦૩૮ ભુજ–બાંદ્રા ટર્મિનસ સુપરફાસ્ટ સ્પેશિયલ દર શુક્રવાર અને રવિવારે ભુજથી ૧૭.૪૦ કલાકે પ્રસ્થાન કરશે અને બીજા દિવસે ૦૮.૩૦ કલાકે બાંદ્રા ટર્મિનસ પહોંચશે? આ ટ્રેન ૦૭ ડિસેમ્બર, ૨૦૨૫ થી ૧૬ જાન્યુઆરી, ૨૦૨૬ સુધી ચાલશે.

આ ટ્રેન બંને દિશામાં બોરીવલી, વાપી, સુરત, ભરુચ, વડોદરા, આણંદ, અમદાવાદ, ધ્રાંગધ્રા, સામાખ્યાલી, ભચાઉ અને ગાંધીધામ સ્ટેશનો પર રોકાશે.

આ ટ્રેન સંપૂર્ણપણે આરક્ષિત રહેશે અને તેમાં એસી ૩-ટિયર કોચ રહેશે. ટ્રેન નં. ૦૯૦૩૭ અને ૦૯૦૩૮ ની બુકિંગ ૦૪ ડિસેમ્બર, ૨૦૨૫ થી તમામ પીઆરસી કાઉન્ટરો અને આઈઆરસીટીસી વેબસાઈટ પર શરૂ થશે? મુસાફરો ટ્રેનોના સ્ટોપેજ, સમય અને સંરચના વિશેની વિગતવાર માહિતી માટે **www.enquiry.indianrail.gov.in** પર જઈને અવલોકન કરી શકે છે.

# અમદાવાદમાં ૯ હોસ્પિટલો સીલ કરાઈ, BU પરમિશન ન હોવાથી AMCની કાર્યવાહી

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

**AMC** દ્વારા જાહેર સલામતી અને નિયમનું પાલનના કરતી હોસ્પિટલ સામે દક્ષિણ પશ્ચિમ ઝોનમાં મોટી કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. **BU** પરવાનગી મેળવ્યા વિના વપરાશ ચાલુ રાખનાર કુલ ૯ હોસ્પિટલોને સવારે સીલ કરી દેવામાં આવી છે. આ હોસ્પિટલોને અગાઉ નોટિસ અને મૌખિક સૂચનાઓ આપવા છતાં નિયમિતતા ન કરાવતાં **AMC**એ આ પગલું ભર્યું છે. **AMC**ના દક્ષિણ પશ્ચિમ ઝોનના હદ વિસ્તારમાં આવેલી આ હોસ્પિટલોને બાંધકામની નિયમાનુસાર **BU** મેળવી લેવા તેમજ ગુજરાત રેગ્યુલરાઈઝેશન ઓફ અનઓથોરાઈઝ્ડ ડેવલપમેન્ટ એક્ટ-૨૦૨૨ (**GRUDA**-૨૦૨૨) હેઠળ બાંધકામ નિયમિત કરાવી લેવા માટે અગાઉ નોટિસ પાઠવવામાં આવી હતી. આ ઉપરાંત, કોર્પોરેશન દ્વારા વારંવાર મૌખિક સૂચનાઓ પણ આપવામાં આવી હતી. જોકે, આ હોસ્પિટલોના સંચાલકો દ્વારા વપરાશ પરવાનગી મેળવી લીધી હોય કે બાંધકામ નિયમિત કરાવી લીધું હોય તે અંગેના કોઈ અધિકૃત પુરાવા રજૂ કરવામાં આવ્યા નહોતા અને તેમ છતાં તેઓ દ્વારા હોસ્પિટલનો વપરાશ ચાલુ રાખવામાં આવ્યો હતો. આ બેદરકારીને કારણે અને જાહેર સલામતીના ભાગરૂપે, **AMC** દ્વારા કડક કાર્યવાહીના ભાગરૂપે આ ૯હોસ્પિટલોને આજે સીલ કરવામાં આવી છે. આજે સવારે સીલ કરવામાં આવેલી ૯ હોસ્પિટલોમાં સરખેજ, મક્તમપુરા, જુહાપુરા અને સાઉથ બોપલ વિસ્તારનો સમાવેશ થાય છે. મુખ્યત્વે મક્તમપુરા અને જોધપુર-૨ વિસ્તારની હોસ્પિટલો પર તવાઈ આવી છે.

૩૩-સરખેજ

દેવપુષ્પ મેટરનીટી એન્ડ નર્સિંગ હોમ, ગજરાજ કોમ્પ્લેક્ષ, સરખેજ

૩૪-મક્તમપુરા

મુસ્કાન મેટરનીટી હોમ, ગુલમોહર સોસાયટી, મક્તમપુરા

૩૪-મક્તમપુરા

નૌશીન હોસ્પિટલ, મક્તમપુરા

૩૪-મક્તમપુરા

રિયાઝ હોસ્પિટલ, રોયલ અકબર ટાવર પાસે, જુહાપુરા

૩૪-મક્તમપુરા

હેપ્પીનેસ્ટ ચીલ્ડ્રન હોસ્પિટલ, યુનીડ ફ્લેટ, વિશાલા સર્કલ

જોધપુર-૨

સફલ મલ્ટીસ્પેશિયાલીટી હોસ્પિટલ, સાઉથ બોપલ

જોધપુર-૨

મમતા હોસ્પિટલ, સાઉથ બોપલ

જોધપુર-૨

આસના ઓર્થોપેડીક હોસ્પિટલ, સાઉથ બોપલ

જોધપુર-૨

દ્વારિકા હોસ્પિટલ, સાઉથ બોપલ

# મહેમદાવાદ પોલીસ સ્ટેશનનાં વહીવટદાર વિનુભાઈ ચૌહાણની મૌખિક મંજુરીથી જાહેરમાં ટાઉન પોલીસ ચોકીની હદમાં બુટલેગર રસીક સોઢા પરમાર અને અશોક સોઢા પરમારનો જાહેરમાં ચાલતો ઈંગલિશ દારૂનો અડ્ડો

## મહેમદાવાદ પોલીસ સ્ટેશનના વહીવટદાર વિનુભાઈ ચૌહાણની મિલીભગત અને હપ્તાખોરી ને કારણે ટાઉન પોલીસ ચોકીના ૫૦ મીટરના અંતરે મચ્છી માર્કેટ પાસે રસીક સોઢા પરમાર અને વેરાઈ માતાના મંદિર સામે અશોક સોઢા પરમારનો ચાલતો ઈંગલિશ દારૂનો અડ્ડો

કરસન સોલંકી દ્વારા,
અમદાવાદ,

ગાંધીના ગુજરાતમાં ખેડા જિલ્લાનાં મહેમદાવાદ પોલીસ સ્ટેશનની હદ વિસ્તારમાં આવેલી ટાઉન પોલીસ ચોકીનાં ૫૦ મીટરનાં અંતરે આવેલ મચ્છી માર્કેટ પાસે હિસ્ટ્રીસિટર રશીક ધુડા સોઢા પરમાર દ્વારા મહેમદાવાદ પોલીસ સ્ટેશનમાં ડિસ્ટાફ ફરજ અને વહીવટદાર વિનુભાઈ ચૌહાણની મિલીભગતથી જાહેરમાં ઈંગલિશ દારૂનો અડ્ડો ચલાવી રહ્યો છે. અને તેનો ભાઈ અશોક સોઢા પરમાર પણ વેરાઈ માતાના મંદિર સામે કડક નશાબંધી કાયદાનો ભંગ કરી પોલીસના ડર વગર બિન્દાસપણે ઈંગલિશ દારૂનું કટીંગ તથા વેચાણ કરી રહ્યો છે. બન્ને બુટલેગરોના અડ્ડા ઉપર રોજ સાંજ પડતાં જ દારૂના શોખીનોની લાઈનો લાગે છે.




આ બન્ને હિસ્ટ્રીસિટરો વગર લાયસન્સે લોકોને ઊંચા વ્યાજે રૂપિયા આપી, તેમના ઘર અને મિલકતો લખવી લઈને કબજો કરી લે છે. તેમણે ગેરકાયદે દારૂનો અડ્ડો ચલાવી તથા વ્યાજનાં ધંધામાં કરોડો રૂપિયાની બેનામી મિલ્કત બનાવી છે.

સ્થાનિક પોલીસ સ્ટેશનના વહીવટદાર વિનુભાઈ ચૌહાણ સહિત જુદાજુદા પોલીસ વિભાગના સ્કોડોનાં વહીવટદારોને મોટી રકમનાં હપ્તા અને વર્ધીઓ હિસ્ટ્રીસિટરો રશીક ધુડા સોઢા પરમાર અને તેનો ભાઈ અશોક સોઢા પરમાર દ્વારા પુરી પાડવાના કારણે આ ઈંગલિશ દારૂના અડ્ડા ઉપર વિવિધ પોલીસ વિભાગના સ્કોડ રેડ પાડવાનાં હોય છે. તેની આગોતરી બાતમી તેમના મળતિયાઓ આપી દેતા હોય છે. તેના કારણે જુદાજુદા પોલીસ વિભાગના સ્કોડો પડેલી રેડ નિષ્ફળ બની જાય છે.

તેનો ફાયદો ઉઠાવી આ હિસ્ટ્રીસિટર બુટલેગરો રશીક ધુડા સોઢા પરમાર અને તેનો ભાઈ અશોક સોઢા પરમાર , આ તકનો ફાયદો ઉઠાવીને તેમનો ઈંગલિશ દારૂનો જથ્થો સગેવગે કરી નાખે છે અને થોડો સમય દારૂનો અડ્ડો બંધ કરવાનો દેખાડો કરી ફરીથી દારૂનો અડ્ડો બંધ ચાલું કરવામાં આવે છે.

મહેમદાવાદ પોલીસ સ્ટેશનના વહીવટદાર વિનુભાઈ છેલ્લા ૨૦ વર્ષ થી પોલીસ વહીવટ કરે છે અને એ પણ તેમની બદલી કોઈ કારણસર કરવામાં આવે તો રાજકીય અને ઉચ્ચ પોલીસ અધિકારીઓને વર્દીઓ પુરી પાડી ફરી થી મહેમદાવાદ પોલીસ સ્ટેશન પર ફરજ પર આવી જાય છે. એમ મહેમદાવાદ પોલીસ સ્ટેશનના વહીવટદાર તરીકે ૨૦ વર્ષથી સરકારી નોકરના બદલીઓના કાયદાનો ભંગ કરી ફરીથી પોલીસ વહીવટદાર તરીકે ચાલું રહ્યાં છે.

અત્રે એ યાદ રહે કે નિષ્પક્ષ ઉચ્ચ પોલીસ અધિકારી દ્વારા આની ગુપ્ત રહે યોગ્ય સઘન તપાસ કરાવે, અને ગુપ્ત રેડ પાડે, તોજ ગુજરાતમાં ખેડા જિલ્લાનાં મહેમદાવાદ પોલીસ સ્ટેશનની હદ વિસ્તારમાં આવેલી ટાઉન પોલીસ ચોકીનાં ૫૦ મીટરનાં અંતરે આવેલ મચ્છી માર્કેટ પાસે હિસ્ટ્રીસિટર રશીક ધુડા સોઢા પરમાર અને તેનો ભાઈ અશોક સોઢા પરમાર પણ વેરાઈ માતાના મંદિર સામે ચલાવામાં આવતો ઈંગલિશ દારૂનું વેચાણ અને દારૂનું વિતરણ બંધ થઈ શકે તેમ છે.

# તથ્ય પટેલને માનવવધની કલમથી મુક્તિ આપવાનો હાઈકોર્ટનો ઈનકાર

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમદાવાદના ઈસ્કોન બ્રિજ અકસ્માત કેસમાં મુખ્ય આરોપી તથ્ય પટેલ અને તેના પિતાને માનવવધની કલમમાંથી ડિસ્ચાર્જ મેળવવા કરાયેલી રિવિઝન અરજી પર ગુજરાત હાઈકોર્ટમાં સુનાવણી થઈ છે. જેમાં ૯ લોકોના ભોગ લેનાર તથ્ય પટેલને સાપરાધ મનુષ્ય વધની કલમમાંથી મુક્તિ આપવાનો હાઈકોર્ટે ઈનકાર કર્યો છે. જ્યારે તથ્યના પિતાને મુક્તિ આપવામાં આવી છે. અમદાવાદના ઈસ્કોન બ્રિજ પર ફૂલ સ્પીડમાં જેગુઆર કાર હંકારીને ૯ નિર્દોશ લોકોના જીવ લેનાર તથ્ય પટેલ તેમજ તેના પિતા પ્રજ્ઞેશ પટેલ સામે IPC ૨૭૯, ૩૩૭, ૩૩૮, ૩૦૪, ૩૦૮ અને મોટર વ્હિકલ એક્ટ સહિતની કલમો હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. IPC ૩૦૪ અને ૩૦૮ માંથી ડિસ્ચાર્જ મેળવવા માટે તથ્ય અને તેના પિતાએ અમદાવાદ ગ્રામ્ય કોર્ટમાં અરજી કરી હતી, જોકે કોર્ટે તે નકારી કાઢતાં અંતે આરોપીએ ગુજરાત હાઈકોર્ટમાં રિવિઝન અરજી કરી હતી. આરોપી દ્વારા કરાયેલી ડિસ્ચાર્જ અરજી પર હાઈકોર્ટે બે વર્ષે સુનાવણી કરી છે. જેમાં હાઈકોર્ટે તથ્ય પટેલ પર લાગેલી IPC ૩૦૪ અને ૩૦૮ કલમ દૂર કરવાનો ઈનકાર કર્યો છે. જ્યારે તથ્યના પિતાને તેમાંથી મુક્તિ અપાઈ છે. તથ્ય પટેલને માનવવધની કલમમાંથી મુક્તિ ન આપતાં તેને જોગવાઈ અનુસાર ૧૦ વર્ષની કેદ થઈ શકે છે. ૧૯મી જુલાઈ, ૨૦૨૩ ની રાત્રે આરોપીની જગુઆર કાર દ્વારા તથ્ય પટેલે ઈસ્કોન બ્રિજ પર ભયંકર અકસ્માત સર્જ્યો હતો. આ અકસ્માતમાં ૯ લોકોના ઘટનાસ્થળે જ મોત નિપજ્યા હતા.

# રાજ્ય સ્તરીય બેંકર્સ કમિટી (SLBC) ગુજરાતની ૧૮૭મી બેઠક






બેંક ઓફ બરોડાએ ૨ ડિસેમ્બર ૨૦૨૫ ના રોજ ગાંધીનગરમાં રાજ્ય સ્તરીય બેંકર્સ સમિતિ (SLBC), ગુજરાતની ૧૮૭મી બેઠકનું આયોજન કર્યું હતું.

આ બેઠક ગુજરાતના માનનીય નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી; શ્રી મનોજ કુમાર દાસ, IAS, મુખ્ય સચિવ, ગુજરાત સરકાર; શ્રી રાજીવ ટોપનો, IAS, મુખ્ય સચિવ, નાણા વિભાગ, ગુજરાત સરકાર; શ્રીમતી આરતી કંવર, IAS, સચિવ (EA), નાણા વિભાગ, ગુજરાત સરકાર; શ્રી મનોજ મુત્તાથિલ અયપ્પન, સંયુક્ત સચિવ, નાણાકીય સેવાઓ વિભાગ, ભારત સરકાર; ડૉ. દેબદત્ત ચંદ, ચેરમેન, SLBC ગુજરાત અને MD અને CEO, બેંક ઓફ બરોડા; શ્રીમતી સોનાલી સેન ગુપ્તા, એક્ઝિક્યુટિવ ડિરેક્ટર, RBI; શ્રી અમરેશ રંજન, પ્રાદેશિક ડિરેક્ટર, RBI; શ્રી બી. કે. સિંઘલ, મુખ્ય જનરલ મેનેજર, NABARD; શ્રી અશ્વિની કુમાર, કન્વીનર, SLBC ગુજરાત અને જનરલ મેનેજર, બેંક ઓફ બરોડા, તેમજ કેન્દ્ર અને રાજ્ય સરકારના વરિષ્ઠ અધિકારીઓ અને વિવિધ બેંકો અને નાણાકીય સંસ્થાઓના પ્રતિનિધિઓની ઉપસ્થિતિમાં યોજાઈ હતી.

માનનીય નાયબ મુખ્યમંત્રીએ રાજ્યની એકંદર પ્રગતિમાં ગુજરાતની તમામ બેંકોના સામૂહિક પ્રયાસોને બિરદાવ્યા. તેમણે પ્રાયોરિટી સેક્ટર લેન્ડિંગ હેઠળ કામગીરી સુધારવા માટે સતત અને સહયોગી પ્રયાસોના મહત્વ પર ભાર મૂક્યો. રાજ્યવ્યાપી બેંકિંગ પહેલો, ખાસ કરીને ડિજિટલાઈઝેશનને વેગ આપવા, યુનિફાઇડ લેન્ડિંગ ઈન્ટરફેસ (ULI) નો લાભ લેવા અને આર્થિક વિકાસને મજબૂત બનાવવાના હેતુ ની પણ સમીક્ષા કરવામાં આવી.

તેમણે ગુજરાતમાં સાયબર છેતરપિંડીને રોકવા માટે તમામ હિસ્સેદારોના સંયુક્ત પ્રયાસોની પ્રશંસા કરી અને બેંકો અને સરકારી એજન્સીઓને જાગૃતિ અને ડિજિટલ સલામતી વધારવા માટે હિસ્સેદારો અને નાગરિકોને વધુ સંવેદનશીલ બનાવવા વિનંતી કરી. ફોરમે નાણાકીય ક્ષેત્રમાં દાવા વગરની સંપત્તિના સમાધાન માટે ચાલી રહેલા અભિયાનની પ્રગતિની પણ સમીક્ષા કરી.

તાજેતરમાં પૂર્ણ થયેલી નાણાકીય સમાવેશ સંતૃપ્તિ ઝુંબેશને પણ પ્રકાશિત કરવામાં આવી હતી. આ ઝુંબેશ હેઠળ, PMJJBY હેઠળ ૫.૬૪ લાખથી વધુ અને PMSBY હેઠળ ૧૧.૮૫ લાખ નોંધણીઓ એકત્રિત કરવામાં આવી હતી. નવા નામાંકન અને પુન:KYC મોટા પાયે હાથ ધરવામાં આવ્યા હતા. બધા હિસ્સેદારોને આ ગતિ જાળવી રાખવા અને તેમના પ્રયાસો ચાલુ રાખવા વિનંતી કરવામાં આવી હતી:

- PMJDY, PMJJBY, PMSBY અને APY હેઠળ કવરેજનો વિસ્તાર કરવો,
- સીમલેસ DBT માટે જન ધન ખાતાઓનું સમયસર પુન:KYC સુનિશ્ચિત કરવું, અને
- ડિજિટલ છેતરપિંડી પર સતત ગ્રાહક જાગૃતિ દ્વારા સાયબર સુરક્ષાને મજબૂત બનાવવી.

માનનીય નાયબ મુખ્યમંત્રીએ મુખ્ય સૂચકાંકોમાં ગુજરાતને પ્રગતિ કરવામાં મદદ કરવા માટે તમામ બેંકોના સામૂહિક પ્રયાસોની પ્રશંસા કરી. ફોરમે રાજ્યભરમાં એકંદર બેંકિંગ પરિમાણોની સમીક્ષા કરી, જેમાં ક્રેડિટ ફ્લો, નાણાકીય સમાવેશ, ડિજિટલ ચુકવણી અને સેવા વિતરણનો સમાવેશ થાય છે. એ નોંધવામાં આવ્યું હતું કે ગુજરાતે નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ ના બીજા ક્વાર્ટર માટે વાર્ષિક ક્રેડિટ પ્લાન (ACP) હેઠળ કુલ પ્રાથમિકતા ક્ષેત્રના એડવાન્સિસ લક્ષ્યના ૭૪% હાંસલ કર્યા છે.

ટેલિકોમ્યુનિકેશન વિભાગ દ્વારા નાણાકીય જોખમ સૂચકાંકો (FRI) પર વિગતવાર પ્રેઝન્ટેશન આપવામાં આવ્યું હતું, જેમાં નાણાકીય સાયબર છેતરપિંડીને ઘટાડવા માટે લેવામાં આવતા પગલાં પર પ્રકાશ પાડવામાં આવ્યો હતો. મીટિંગનો દરમિયાન સપ્ટેમ્બર ૨૦૨૫ ક્વાર્ટર માટે ત્રણ શ્રેષ્ઠ પ્રદર્શન કરનારા લીડ ડિસ્ટ્રિક્ટ મેનેજરો (LDM) ની સન્માન કરવામાં આવ્યું.

આ બેઠકનું સમાપન શ્રી અશ્વિની કુમાર, કન્વીનર, SLBC ગુજરાત અને જનરલ મેનેજર, બેંક ઓફ બરોડા દ્વારા આભારવિધિ સાથે થયું.

# આપણે સૌએ સરદાર પટેલના પદચિહ્નો પર ચાલવાનો પ્રયત્ન કરવો જોઈએ - કેન્દ્રીય મંત્રી શ્રી સી. આર. પાટીલ



સરદાર@૧૫૦ રાષ્ટ્રીય પદયાત્રાનું શિનોર તાલુકાના બિથલી ખાતે ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. કેન્દ્રીય જળ સંસાધન મંત્રી શ્રી સી. આર. પાટીલ સહભાગી થયા હતા. શ્રી પાટીલે સરદાર વલ્લભભાઈ પટેલના યોગદાનને બિરદાવતા કહ્યું હતું કે અખંડ ભારતની કલ્પના જેમણે સાકાર કરી તેનો જશ જો કોઈ એકમાત્ર વ્યક્તિને આપવો પડે તો તે સરદાર વલ્લભભાઈ પટેલને આપવો પડે. તેમણે ટાંચા સાધનો સાથે ૫૬૨ રજવાડાઓને જોડીને અખંડ ભારતની કલ્પનાને સાકાર કરી હતી. મહાત્મા ગાંધીજી જ્યારે સ્વતંત્રતા અને અખંડ ભારત બનાવવા માટે સત્યાગ્રહ કરતા હતા, ત્યારે તેમના પ્રયત્નને ખરા અર્થમાં જમીન પર ઉતારનાર સરદાર વલ્લભભાઈ પટેલ હતા. લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિષ્ઠા અને પ્રતિભાને અનુરૂપ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર ભાઈ મોદીએ વિશ્વમાં સૌથી મોટી પ્રતિમાનું સર્જન કરાવ્યું છે. આ લોખંડની પ્રતિમા માટેનું લોખંડ આખા દેશના અલગ અલગ ખેડૂતોએ પોતાના ખેતીના સાધનોમાંથી થોડો થોડો ભાગ આપીને સહયોગ કરીને બનાવવામાં આવ્યું છે. આ વિશ્વનું એક ઉદાહરણ છે કે જેણે અખંડ ભારતની રચના કરી, તેને આખા દેશના સહયોગથી શ્રદ્ધાંજલિ આપવામાં આવી છે.વળી, સરદાર વલ્લભભાઈ પટેલના નેતૃત્વનો દાખલો બારડોલીનો સત્યાગ્રહ છે. જ્યારે આ સત્યાગ્રહ ચરમ સીમા પર હતો, ત્યારે મહાત્મા ગાંધીજીએ સરદાર વલ્લભભાઈ પટેલને તેના નેતૃત્વ માટે મોકલ્યા હતા, અને આશ્રમમાં લાંબો સમય રહ્યા બાદ ત્યાંની એક બહેને તેમને સરદાર'નું બિરુદ આપ્યું હતું. આ સફળ નેતૃત્વ કરવાને કારણે જ વલ્લભભાઈ પટેલ, સરદાર વલ્લભભાઈ પટેલ બન્યા હતા. તેમણે પદયાત્રામાં જોડાયેલા હજારો લોકોને સંબોધતા સંકલ્પ લેવા માટે આહ્વાન કર્યું હતું કે આપણે સૌએ સરદાર પટેલના પદચિહ્નો પર ચાલવાનો પ્રયત્ન કરવો જોઈએ અને તેમણે બતાવેલી દિશામાં આગળ વધવું જોઈએ. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે, દરેક યુવાને એવો સંકલ્પ કરવો જોઈએ કે અખંડ ભારતને તોડવાના કોઈપણ પ્રયત્નનો મજબૂત થાય એ રીતે સામનો કરવામાટે તેઓ તૈયાર રહેશે.

વિશ્વને એવો સંદેશ મળવો જોઈએ કે "અમે લોખંડી પુરુષના વારસ છીએ અને અમારી તરફ આંખ ઊંચી કરીને જોવાવાળાને જવાબ આપવાની તાકાત રાખી છીએ". તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો કે સરદાર વલ્લભભાઈ પટેલની કલ્પનાનું ભારત, અખંડ ભારતની અખંડતા જાળવવા માટે આપણે બલિદાન આપવા સુધી તૈયારરહીશું, તેવા સંકલ્પ સાથે આગળ વધવું જોઈએ. તેવી તેમણે હાંકલ કરી હતી. આ વેળાએ રાજ્ય મંત્રી શ્રી નરેશભાઈ પટેલ, સાંસદ શ્રી મનસુખભાઈ વસાવા અને શ્રી જશુભાઈ રાઠવા, ધારાસભ્ય શ્રી અક્ષયભાઈ પટેલ સહિત ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

